**સુવિચાર**
નસીબને લીફ્ટમાં જવાની આદત છે, જ્યારે પુરૂષાર્થે તો પગથિયા ચડવાના હોય છે !
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૭/૦૬/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ
PENDAWALA
રસપાત્રા
ખાંડવી
બેબી ઈડલી
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ જેઠ વદ-૬ વર્ષ : ૧૬ અંક : ૧૫૯

## જિલ્લાનાં મુખ્ય મથક અમરેલીનાં મોટાભાગનાં માર્ગો નદી બની ગયા

# અમરેલી જિલ્લામાં અર્ધાથી લઈને ૮ ઈંચ વરસાદ

- શહેરમાં સેંકડો સ્થળોમાં પાણી ભરાઈ જતાં વાહન વ્યવહારને અસર થઈ
- શહેરનાં હાર્દસમા ગણાતા ડો. જીવરાજ મહેતા ચોક, લીલીયા રોડ સહિતનાં વિસ્તારો પાણીથી છલોછલ
- રાજુલા, સાવરકુંડલા, લીલીયા, ચિતલ, આંબરડી, બાબાપુર, ખાંભા સહિત ઠેક-ઠેકાણે વરસાદ
- આગામી કલાકોમાં પણ મેઘસવારી અવિરત રહેવાની હવામાન વિભાગની આગાહી











અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદ શરૂ થવા પામેલ છે. ત્યારે આજે સોમવારે બારે મેઘખાંગા થયા હોવાની પરિસ્થિતિ જોવા મળી રહી છે. ત્યારે અર્ધાઈંચથી લઈ સાડાઆઠ ઈંચ વરસાદ પડયો છે. ત્યારે લીલીયા નજીક ભોરીંગડા ગામમાં કોઝવે બનાવવામાં આવી રહ્યો હોવાથી ડાયવર્ઝન કાઢવામાં આવ્યું છે. તે ડાયવર્ઝનમાં પાણી ભરાઈ જવાથી તેમાં એસ.ટી. બસ પાણીમાં ફસાઈ ગઈ હતી. જયારે ધારી નજીક ખાનગી બસ રોડ સાઈડમાં ઉતરી જવા પામેલ હતી. તો રાજુલાના હડમતિયા અને દેવકા વચ્ચે ભારે પાણીના પ્રવાહને કારણે આશરે ૨૫ બકરા નદીમાં તણાઈ ગયા હતા. આગામી ૨૪ કલાકમાં વધુ વરસાદની આગાહી કરવામાં આવેલ છે.

અમરેલી શહેરમાં

અનુસંધાન પાના ૬ ઉપર

**અમરેલીમાં ૬, રાજુલામાં ૮, બાબરામાં ૧, લાઠીમાં સવા, લીલીયામાં સાડા પાંચ, ધારીમાં સવા, ખાંભામાં ૪, જાફરાબાદમાં ૨, સાવરકુંડલા સાડા ૯ ઈંચ, કુંકાવાવ-વડિયામાં દોઢ ઈંચ વરસાદ**

### નદી અને નાળાઓમાં નવા નીરનું આગમન

# રાજુલામાં મનમૂકીને મેઘરાજા વરસ્યા અસહ્ય ગરમીનો માહોલ ગાયબ થયો

### ધાતરવડી ડેમ-૨ ઓવરફ્લો થતાં દરવાજા ખોલાયા




તસ્વીર : યોગેશ કાનાબાર-રાજુલા

રાજુલા, તા. ૧૬

હવામાન વિભાગે આગામી ૨૦ જૂન સુધી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. એને લઈને આજે રાજયના મોટા ભાગના જિલ્લાઓમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ખાસ અમરેલી, ભાવનગર અને જૂનાગઢ જિલ્લાને મેઘરાજાએ ધમરોળ્યા છે. એને લઈને અનેક નદીઓ બે કાંઠે થઈ છે, તો કયાંક નદીઓનાં પાણી ગામમાં ઘૂસી ગયાં છે. મેઘરાજાની ધમાકેદાર બેટિંગથી જાણે કે કલાકોમાં જ જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હોય એમ અનેક કોઝ-વે ધોવાઈ ગયા છે, તો ઘણા રસ્તા બંધ કરવા પડયા છે. બીજી તરફ અનેક વૃક્ષો અને હોર્ડિંગ્સ પણ ધરાશાયી થયાં છે, અનેક મકાનોને નુકસાન પહોંચ્યું છે. જયારે અનેક જગ્યાએ વીજળી ડૂલ થઈ ગઈ છે, જોકે રાહતની વાત એ છે કે અંગ દઝાડતી ગરમી અને અસહ્ય બફારામાંથી લોકોને રાહત મળી છે.

ત્યારે સમગ્ર રાજુલા તાલુકામાં આજે મેઘરાજે મહેર કરી છે જોકે આ મહેરમાં ઘણી નુકસાન થયાના સમાચાર મળી રહ્યા છે ત્યારે મળતી માહિતી મુજબ રાજુલા તાલુકામાં ભારે વરસાદને લીધે રાજુલા તાલુકાના બંને

અનુસંધાન પાના ૬ ઉપર

## નાવલી નદીનું અસલ સ્વરૂપ



સાવરકુંડલા શહેરમાં આવેલ નાવલી નદી આજરોજ બે કાંઠે. જો આમ જ વરસાદના વરસવાનું ચાલુ રહ્યું તો નાવલી એનું રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં પણ જોવા મળશે. નદી બજારમાં પાલા ધારકો પણ સાવચેતી માટે પોતાનો સામાન ફેરવા તૈયાર અગાઉના વર્ષોમાં પણ ઘણી વખત નાવલી નદીએ સાવરકુંડલામાં ભારે તારાજી સર્જી છે. એ બાબત પણ નોંધનીય છે. શહેરીજનો આ દ્રશ્ય જોવા માટે ઉમટી પડયા.

**અમરેલીના જુના માર્કેટયાર્ડમાં**
**દુકાન વેચવાની છે...**
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
- નોર્મલ-જોખમી-સિઝેરીયન પ્રસુતિ
- ડીલેવરી દરમ્યાન બાળકના ધબકારાનું મોનીટરીંગ કરવા માટે આધુનિક NST Machine
- પ્રેગનન્સી દરમિયાન બાળકનો વિકાસ તથા ખોડખાંપણ જાણવા માટે અત્યાધુનિક 3D/4D, કલર ડોપ્લર સોનોગ્રાફિ મશીન
- એન્ડોસ્કોપી તથા લેપ્રોસ્કોપી સેટઅપ
- ટાંકાવાળુ, ટાંકા વગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશય/અંડાશયની ગાંઠના ઓપરેશનો
- વંધ્યત્વની આધુનિક સારવાર
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
સરનામું
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી / ફોન નં.(૦૨૭૯૨) ૨૨૧૩૨૪

### એલ.સી.બી. ની ટીમે ગુન્હાનો ભેદ ખોલ્યો

# સાવરકુંડલાના વૃધ્ધાશ્રમમાંથી રોકડ અને મોબાઈલ ચોરી કરનાર ઝડપાયો

### આરોપી સંજય પરમારની કરાઈ અટકાયત



અમરેલી, તા.૧૬

સાવરકુંડલા ગામે આવેલ મા-બાપનું ઘર વૃધ્ધાશ્રમ ઢોલીયાધારમાં રહેતા અને સેવાપુજા કરતાં મનીષાબેન મકનજીભાઈ ઝડફીયા તથા તેના બહેન જીજ્ઞાસાબેન રાજેશકુમાર પનેકર ગત તા.૧૪ના રાત્રીના સમયે આશ્રમે સુતેલ હતા. જીજ્ઞાસાબેનનું પર્સ બાજુમાં ખુરશી ઉપર મુકેલ હતુ જેમાં રૂપિયા ૧૦,૦૦૦ રોકડા તથા એક મોબાઈલ ફોન જેની આશરે કિમત રૂપિયા ૩૦,૦૦૦ તથા આ આશ્રમની સામે આવેલ રામાપીરનો આશ્રમમાં શાંતા ભારતી ગુરૂ હરીહરાનંદ ભારતીના આશ્રમમાંથી જોળીમાંથી રૂપિયા ૪૫૦૦ મળી કુલ રોકડા રૂ.૧૪,૫૦૦ તથા એક મોબાઈલ ફોન કોઈ અજાણ્યો ચોર ઈસમ રાત્રીના સમયે તાર ફેન્સીંગની વાડની અંદર પ્રવેશ કરી ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાય હતી.

દરમિયાન અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી. એમ. કોલાદરાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ સાવરકુંડલા ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગ હોય તે દરમ્યાન બાતમી મળતા તેમજ ટેકનીકલ સોર્સ આધારે સાવરકુંડલા ગામે રહેતા સંજય

અનુસંધાન પાના ૬ ઉપર

## કારમાં સવાર વ્યકિતઓ કાર પાર્ક કરીને ખરીદીમાં હોય

# બગસરા ખાતે વેગન આર કાર ભડભડ સળગી ઉઠી

**વેગન આર કારની બાજુમાં પાર્ક થયેલ ભાર રીક્ષાને પણ થયું નુકસાન**

**ગણતરીની મિનિટોમાં જ કાર બળીને ભંગાર જેવી બની ગઈ**

**સદ્‌નસીબે કારમાં કે આસપાસ કોઈ વ્યકિત ન હોવાથી જાનહાની ટળી**

**સ્થાનિક પોલીસ અને ફાયર ફાઈટરની ટીમે ગણતરીની મિનિટોમાં આગ પર કાબુ મેળવ્યો**






તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૬

બગસરામાં કુંકાવાવ નાકા પાસે પાર્ક કરેલી વેગન આર કાર શોર્ટ સર્કિટ થતા અચાનક ગાડીમાં આગ લાગવાથી ભડ ભડ સળગી ઊઠી હતી. વાહનચાલક પોતાની ગાડીને પાર્ક કરી ખરીદી કરવા ગયેલા હતા ત્યારે અચાનક શોર્ટ સર્કિટ થતા સળગી કાર ઊઠી હતી. જયારે આ કારની બાજુમાં ભાર રીક્ષા પણ પાર્ક કરેલી હતી જયારે આ ગાડીમાં આગ લાગવાથી આ રીક્ષાને પણ નુકસાન થયું હતું. પરંતુ આ રીક્ષાના માલિકે પોતાના જીવના જોખમે પોતાની રીક્ષા બચાવી લીધી હતી. જયારે સદનસીબે જાનહાની ટળી હતી. આ કારની બાજુમાં રહેણાંક વિસ્તાર પણ આવેલો હતો પરંતુ અહીંના લોકોને પણ કોઈ પણ પ્રકારનું નુકસાન થયેલું ન હતું. જયારે આ બાબતની જાણ બગસરા પોલીસ સ્ટેશન તેમજ નગરપાલિકામાં થતા પોલીસ સ્ટાફ તેમજ ફાયર ફાઈટર ઘટના સ્થળે પહોંચી ગયેલો હતું અને આગને કાબુમાં લીધી હતી.

### અસહ્ય ગરમી વચ્ચે ઠંડક પ્રસરી

## ચિત્તલ–જસવંતગઢમાં લાંબી રાહ બાદ મેઘની પધરામણી


**વાવણી લાયક વરસાદથી ખેડૂતો ખુશ**

ચિત્તલ, તા. ૧૬

ઘણા સમયથી અસહય બફારા–ગરમી બાદ આજે બપોરે ૧ વાગ્યાથી તે આ લખાય છે. ત્યારે સાંજે સાત વાગ્યા સુધી ધીમી ધારે વરસાદ પડી રહ્યો છે. બફારા ઉકળાટ બાદ ઠંડક પ્રસરી ખેડૂતો આનંદમાં આશરે ત્રણ ઈંચ જેટલો વાવણી લાયક વરસાદ પડી ગયો છે. આજુબાજુ મોણપુર, વાવડી, ધરાઈ, બળેલ પીપરીયા, રાંઢિયા, રીકડીયા, નાના આંકડીયા, ભીલા–ભીલડી, ઈંગોરાળા, શેડુભાર સહીતના ગામડાઓમા પણ બપોરથી સાંજ સુધી વ્યાપક વરસાદ પડી રહ્યાનો અહેવાલ મળેલ છે. પ્રજામા આનંદ સાથે રાહતની લાગણી.

### જગતાત ગણાતા ખેડૂતોમાં હરખનો માહોલ

## સાવરકુંડલાનાં આંબરડીમાં સતત 3 કલાક સુધી વરસાદથી ખુશીનો માહોલ




તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

આંબરડી, તા.૧૬

મહારાષ્ટ્રમાં બે દિવસ પૂર્વે ચોમાસાનો વિધિવત રીતે આરંભ થતાં સૌરાષ્ટ્રમાં વરસાદની આશા બંધાઈ હતી, રવિવારે બપોર બાદ વરસાદની શરૂઆત થઈ ગઈ હતી જે આજે સોમવારે સવારથી જ સૂર્યદેવ અદ્રશ્ય થઈ જતા આકાશ વાદળોથી ઘેરાઈ ગયું હતું અને ધીમીધારે વરસાદના મંડાણ શરૂ થયા હતા.

અમરેલી જિલ્લામાં અત્ર, તત્ર, સર્વત્ર વરસાદ પડ્યો છે. સાવરકુંડલા પંથકની જો વાત કરવામાં આવે તો શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં આજે ધોધમાર વરસાદ પડ્યો છે. સાવરકુંડલાના આંબરડી ગામે સવારે ૭ વાગ્યાથી આ લખાય છે ત્યાં સુધી સાંજના ૭ વાગ્યે પણ હજુ વરસાદ શરૂ છે.

આંબરડી ગામે બપોરે ૧ વાગ્યે વીજળીના કડાકા સાથે મુશળધાર વરસાદ ઈનીગ શરૂ થતાં ૩ કલાકમાં ૩ ઈંચ જેટલો વરસાદ પડી ગયો હતો, બાદમાં સાંજ સુધી ધીમીધારે વરસાદ શરૂ રહ્યો છે. આંબરડી ગામ સહિત સીમ વિસ્તારમાં ભારે વરસાદ પડતાં ગામ વચ્ચેથી પસાર થતી નેવડી નદીમાં ગોઠણ ઉપર પુર આવતા બજારમાં આવવા જવાનો રસ્તો કલાકો સુધી બંધ રહ્યો હતો. આંબરડી સહિત અભરામપરા, કૃષનગઢ, બગોયા, ખોડીયાના, થોરડી, દોલતી, દેતડ અને જાબાળ ગામોમાં ધોધમાર વરસાદ પડતાં નદી, નાળા છલકાયા હતા.

દિવસભર વરસાદના મંડાણ શરૂ રહેતા વાવણી લાયક વરસાદ વરસતા ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી, હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી કલાકોમાં વધુ વરસાદ પડવાની શક્યતા વ્યકત કરાઈ છે. ત્યારે લોકોએ નદી, ચેકડેમ, વહેતા પાણીમાં ઉતરી જાન, માલનું જોખમ નહિ લેવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

### એક તરફ ભૂગર્ભ ગટરની સફાઈ પણ નિયમિત થતી નથી

## અમરેલીમાં વરસાદી પાણીનાં નિકાલની યોગ્ય વ્યવસ્થાનાં અભાવે ઠેર–ઠેર પાણી ભરાયા

**સામાન્ય વરસાદ પડે તો પણ નાના–મોટા માર્ગો નદી બની જાય છે**






અમરેલી, તા. ૧૬

અમરેલી એ જિલ્લાનું મુખ્ય શહેર હોવા છતાં પણ ભૂગર્ભ ગટર અને વરસાદી પાણીનાં નિકાલની યોગ્ય વ્યવસ્થાનાં અભાવે શહેરમાં ગંધાતા પાણી તેમજ વરસાદી પાણી જાહેર માર્ગ ઉપર ફરી વળતા હોવાથી શહેરીજનોનું આરોગ્ય જોખમાતું હોય છે.

શહેરમાં સેંકડો કરોડનાં ખર્ચે ભૂગર્ભ ગટર બનાવવામાં આવી છતાં તેમાં ઝડપથી પાણીનો નિકાલ થતો ન હોવાથી ઠેક–ઠેકાણે ભૂગર્ભ ગટર બંધ થતી હોય છે. જો કે શહેરીજનો પણ ભૂગર્ભ ગટરમાં કચરો ઠાલવીને ગટરનાં પાણીનાં વહેણમાં બાધા ઉભી કરી રહ્યા હોય તેમજ જાળવણીનાં અભાવે પણ ભૂગર્ભ ગટર શોભાના ગાંઠીયા સમાન બની છે.

તદુઉપરાંત, વરસાદી પાણીનાં નિકાલની પણ યોગ્ય વ્યવસ્થા જોવા મળતી નથી. શહેરમાં કુદરતી રીતે થતાં પાણીનાં નિકાલનાં માર્ગમાં વ્યાપક દબાણથી પણ વરસાદી પાણીનો ઝડપથી નિકાલ થતો નથી. સામાન્ય વરસાદમાં પણ શહેરનાં લગભગ તમામ માર્ગો નદીમાં પલટાઈ જતાં હોય પાલિકાનાં શાસકો યોગ્ય કરે તેવી માંગ ઉભી થઈ છે.

### જનતા એક સમસ્યામાં ફસાયુ હોય ત્યાં વધુ સમસ્યા ત્રાટકી રહી છે

## નવી ઉપાધિ : દામનગરમાં હીરા ઉદ્યોગમાં સ્માર્ટ મીટર નામની બલ્લાથી હોબાળો

**નાયબ ઈજનેરે સ્માર્ટ મીટર ફરજિયાત લગાવવાનો કર્યો દુરાગ્રહ**




દામનગર, તા. ૧૬

દામનગરનાં હીરાનાં કારખાનામાં પીજીવીસીએલ દ્વારા સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી શરૂ થતાં કારખાનેદારોનાં વીજબિલમાં વધારો થતાં રોષનો માહોલ ઉભો થયો છે.

એક તરફ નાયમ કારમી મોંઘવારી અસહય બેરોજગારી અને ભ્રષ્ટાચાર સહિતની સમસ્યાઓથી ઘેરાયેલી હોય તેવા જ સમયે પીજીવીસીએલે સ્માર્ટ મીટર લગાવવાનુ શરૂ કરતાં જનતા તોકા પોકારી ચૂકી છે.

કારખાનેદારોએ જિલ્લા કલેકટર અને પીજીવીસીએલનાં ઉચ્ચ અધિકારીને પાઠવેલ આવેદન પત્રમાં જણાવેલ છે કે, સ્માર્ટ મીટરથી વિજબિલમાં વધારો થયો છે જો કે નાયબ ઈજનેર તપાસ કરવાની ખાત્રી આપીને સ્માર્ટ મીટર ફરજીયાતપણે લગાવવુ હોવાનું જણાવેલ હોવાનો જણાવ્યુ હતું.

### પુત્રની હત્યા બાદ માતાએ ન્યાય માટે લડત શરૂ કરી

## અમરેલીમાં પીડિત પરિવારે ન્યાયની માંગ સાથે ઉપવાસ આંદોલન શરૂ કર્યુ

**ખેતી માટે, જમીન, મફત પ્લોટ સહિતની માંગ કરી**



અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લા કલેકટર કચેરી સામે હંસાબેન ઝાલા નામની મહિલાએ ન્યાયની માગં સાથે ઉપવાસ શરૂ કરેલ છે.

જિલ્લા કલેકટરને પાઠવેલ આવેદન પત્રમાં જણાવેલ છે કે, કમાઉ દીકરા મહેશ રતિલાલ ઝાલાનું ૧/૧૦/૨૦૧૮ના માથાભારે ઈસમોએ ખૂન કરી નાખ્યું હતું. જે કેસ હાલ કોર્ટમાં શરૂ છે. મારા પુત્રનું ખૂન થયું ત્યારથી મારા પતિ રતિલાલ રામજીભાઈ ઝાલા દ્વારા એસ.સી., એસ.ટી. અત્યાચાર અટકાવ અધિનિયમ ૧૯૮૯ના નિયમો ૧૯૯૫ના નિયમ ૧૫ મુજબ પીડિત પરિવારને જીવન નિર્વાહ માટે ખેતીની જમીન મળવા તથા મફત પ્લોટ મળવા માટે નિયમ અનુસાર મળવાપાત્ર જમીનની સતત માંગણીઓ કરીને રજૂઆતો પણ કરી રહ્યા છીએ. જે અંતર્ગત છેલ્લે તા. ૨૯/૫/૨૦૨૫ના રોજ (૧) ચેરમેન અને મુખ્યમંત્રી રાજય તકેદારી અને મોનેટરી કમિટી ગાંધીનગર (૨) ચેરમેન અને કલેક્ટર જિલ્લા કચેરી તકેદારી અને મોનેટરી કમિટી અમરેલી (૩) સભ્ય અને જિલ્લા પોલીસ અધિક્ષક આઈ.પી.એસ. જિલ્લા તકેદારી અને મોનીટરીંગ સમિતિ, અમરેલી (૪) સભ્ય સચિવ અને નાયબ નિયામક અનુ. જાતિ કલ્યાણ વિભાગ, અમરેલી (૫) સચિવ મહેસુલ વિભાગ ગાંધીનગરને અમોને સરકારના ઉપરોકત વિષય મુજબની જમીન આપવા માટે નહીંતર ન છૂટકે અમારે પરિવાર સાથે ઉપવાસ આંદોલન પર ઉતરવાની ફરજ પડશે તેવી જાણ સાથેની વિનંતી કરી જે અરજીની નકલ આ સાથે બીડાણતી સામેલ છે. પરંતુ આપ તમામ જવાબદાર અધિકારીઓ દ્વારા અમારા મળવાપાત્ર હકકની ખેતી તથા રહેવા માટે મફત પ્લોટની માંગણીવાળી જમીન આપતા નથી. આથી ન છુટકે મારા પરિવાર સાથે ઉપવાસ આંદોલન શરૂ કરીએ છીએ.

આ મુદ્દે કાયદાકીય જોગવાઈઓની અમલવારી માટે છેલ્લા સાત વર્ષથી અમો રજૂઆત કરતા આવ્યા છીએ પણ કોઈ જ ઉકેલ આવેલ નથી એક કચેરીએથી બીજી કચેરીના કાગળો મોકલી દઈ જવાબદારીમાંથી છટકી જઈ ઉલાળીયો કરવામાં આવે છે.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિ (અત્યાચાર અટકાવ) અધિનિયમ ૧૯૮૯ અને તેના નિયમો ૧૯૯૫ અને એમેન્ડમેન્ટ ૨૦૧૫ અને નિયમો ૨૦૧૬ની અમલવારી અને મોનીટરીંગ કરવાની જવાબદારી આપની હોઈ તાત્કાલિક કાયદાના અમલ માટે કાર્યવાહી કરવા અને કાયદાના અમલવારી કરવામાં જાણી બુજીને બેદરકારી રાખનાર અધિકારીઓ સામે કાયદાની કલમ–૪ હેઠળ ફોજદારી કાર્યવાહી કરવા અંતમા માંગ કરેલ છે.

## ભાજપનાં કદાવર નેતાઓ, અઢળક સંપત્તિ, સૈનિકોની ફૌઝ અને સત્તાની વિપુલ શકિત વચ્ચે

# અભિમન્યુ ચક્રવ્યુહ મે ફસ ગયા હૈ : ગોપાલ ઈટાલીયા રણસંગ્રામમાં ફસાયા

**વિસાવદર–ભેંસાણ વિધાનસભાની બેઠક ઉપર 'આપ'નાં ઉમેદવાર ભાજપનાં ચક્રવ્યુહમાં ખરા ફસાયા**

**ભાજપની વિશાળ શકિત તેમજ કોંગ્રેસ પક્ષનાં પણ આકરા પ્રહારો સતત શરૂ**

**મહાભારતનાં યુદ્ધમાં જે પરિસ્થિતિ અભિમન્યુની થઈ તેવી જ સ્થિતિમાં ગોપાલ ઈટાલીયાની જોવા મળે છે**

**વિસાવદર પંથકનાં મતદારો ભાજપ અને કોંગ્રેસની શકિત સામે "આપ"નાં ઉમેદવારને વિજેતા બનાવે છે કે પરાજય તે જોવુ રસપ્રદ**



અમરેલી, તા. ૧૬

જુનાગઢ જિલ્લાની અને અમરેલી જિલ્લાની બગલમાં આવેલ વિસાવદર–ભેંસાણ વિધાનસભાની પેટા ચૂંટણી આગામી ૧૯ જૂનને ગુરૂવારે યોજાઈ રહી છે અને આવતીકાલ મંગળવારે સાંજે પ્રચાર કાર્ય પૂર્ણ થવાનું છે. ત્યારે આ બેઠકને લઈને સમગ્ર રાજયનાં રાજકીય કાર્યકર્તાઓમાં પણ કોણ વિજેતા થશે અને કોનો થશે પરાજય તેને લઈને નજર રાખવામાં આવી રહી છે.

વિસાવદર–ભેંસાણ બેઠક ઉપર આમ તો એક ડઝન કરતાં વધારે ઉમેદવારો છે. જેમાં ભાજપ, કોંગ્રેસ ઉપરાંત આમ આદમી પાર્ટીએ પણ ઝંપલાવ્યું છે. પણ સૌથી વધુ રસાકસી ભાજપનાં ઉમેદવાર કિરિટ પટેલ અને "આપ"નાં ઉમેદવાર ગોપાલ ઈટાલીયા વચ્ચે જોવા મળી રહી છે અને ત્રીજા સ્થાને કોંગ્રેસ પક્ષનાં ઉમેદવાર જોવા મળે છે.

વિસાવદર–ભેંસાણ બેઠક છેલ્લા ૧૩ વર્ષથી ભાજપનાં હાથમાં આવતી ન હોય હવે, બહુ થયું તેમ માનીને ભાજપે તેમની વિશાળ શકિત સાથે આ બેઠક પર વિજેતા થવાની રણનીતિ બનાવી છે અને "આપ"નાં યુવા ઉમેદવાર ગોપાલ ઈટાલીયાને કોઈપણ સંજોગોમાં પરાજિત કરવા માટે ભાજપનાં કદાવર નેતાઓ જેમાં ખુદ ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલ, ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી, ધારાસભ્ય જયેશ રાદડીયા, સાંસદ રાજેશ ચુડાસમા સહિતનાં દિગ્ગજોને મેદાનમાં ઉતાર્યા.

તદુઉપરાંત, ભાજપપ્રેમી સાહિત્યકારો, સમાજ સેવીઓ અને સંતો–મહંતોની પણ મદદ લીધી છે. હજારો કાર્યકર્તાઓ, સેંકડો આગેવાનો અને અખૂટ સંપત્તિ, મીડિયા મેનેજમેન્ટ, મતદારોને લોભામણી સ્કીમો પણ ધરવામાં આવી રહી છે અને હવે "યુદ્ધ એ જ કલ્યાણ" માનીને મહાભારતનાં યુદ્ધની જેમ ચૂંટણી પ્રચાર ચરમસીમાએ પહોંચાડી દીધો છે.

બીજી તરફ "આમ આદમી પાર્ટી"નાં ઉમેદવારની મદદમાં દિલ્હીનાં પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પંજાબનાં મુખ્યમંત્રી સહિતનાં આગેવાનો પ્રચાર કાર્યમાં જોડાયા. ગણતરીનાં આગેવાનો, અલ્પ સંખ્યામાં કાર્યકરો, નાણાનો અભાવ, સોશ્યલ મીડિયાનું થોડુ મેનેજમેન્ટ વચ્ચે ભાજપ સામે જંગ આદર્યો છે અને "આપ"નો વિજેતા થવાનો આધાર માત્ર સ્થાનિક મતદારો જેમાં ખેડૂતો, શ્રમિકો, યુવાનો, મહિલાઓ, નાના વેપારીઓ જોવા મળી રહ્યા છે.

મહાભારતનાં યુદ્ધમાં જે રીતે અભિમન્યુ ચક્રવ્યુહમાં ફસાયા હતા તેવા જ ચક્રવ્યુહમાં "આપ"નાં ઉમેદવાર ફસાયા હોય. તેઓ ભાજપની તમામ શકિતઓને પછાડીને વિજેતા બને છે કે પછી તેઓ પણ તેમના દિગ્ગજ નેતા અરવિંદ કેજરીવાલની જેમ ભાજપનાં ચક્રવ્યુહમાં ફસાઈને પરાજય પામે છે તેના પર સમગ્ર ગુજરાતની જનતાની નજર મંડાયેલી છે.

## અસહ્ય ઉકળાટ બાદ હવામાન વિભાગની આગાહી અનુસાર

# ખાંભા પંથકમાં વરસાદની ધમાકેદાર એન્ટ્રીથી નદીઓ, નાળાઓ છલોછલ

## જાહેર માર્ગો ઉપર ગોઠણડૂબ પાણી ભરાઈ જતા પરેશાની



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૧૬

ખાંભા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી જોવા મળી રહી છે ત્યારે અસંખ્ય ગરમી અને ઉકળાટ બાદ ખાંભા શહેરમાં બપોરબાદ બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો અને પવન સાથે ધોધમાર વરસાદ ખાબકયો હતો અને ખાંભા શહેરના રોડ રસ્તા ઉપર વરસાદી પાણી ફરીવળ્યા હતા ત્યારે ખાંભા ગીર પંથકના ગ્રામ્ય વિસ્તારના ધાવડિયા લાસા તાતણીયા ઉમરીયા ભાડ સહિત ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ પડયો હતો અને ગઈ કાલે વરસાદ પડવાથી ભાડ ગામની સ્થાનિક નદીમાં પ્રથમ વરસાદમાં જ પુર આવવાના દ્રશ્ય સર્જાયા હતા અને ગઈ કાલે તાતણીયા ગામની સ્થાનિક નદીમાં ઉપરવાસ ગ્રામ્યવિસ્તારમાંવરસાદહોવાનાપગલે મોટાપ્રમાણમાંનવાનીરનીઆવકથઈ હતી ત્યારે ખાંભા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાંવાવણીલાયકસારોવરસાદ થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ – ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી – ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ४०६३४

**જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર**
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ६३६११ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ५०६६०

શું આપના કેમેરા, નોટ કાઉન્ટીગ મશીન,અથવા કોઈપણ ઈલેકટ્રોનિક આઈટમ ખરાબ છે ?
CCTV કેમેરા, NVR,DVR વાયરલેસ સિકયુરીટી સિસ્ટમ
ટેલીફોન,કોર્ડલેસ ફોન – Wi-Fi મોડેમ
EPABX – નોટ કાઉન્ટીંગ મશીન
L.E.D. T.V.(24"થી 85") – પ્રોજેકટર, અને ઘણું બધું...
હવે દરેક વસ્તુઓ હોલસેલ ભાવે મેળવો...
ફકત એક ફોન કરો અને તમારી દરેક સમસ્યાઓનું સમાધાન મેળવો..
Total Solution of Tele Comunication & Video Surveillance...
કમલેશ ટાંક – 98251 76163
પ્રિસીસન ટેલીકોમ
BS-૫,બીજા માળ,હરીરામ હોલસેલ માર્કેટ, હોટલ લોર્ડસ એન્જાયની સામે,જુનું માર્કેટિંગ યાર્ડ, અમરેલી

ફ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
**મગડી ગુંદીના લાડુ**
નાયલોન તથા વાટીદાળનાં **ખમણ**
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૭૦૯૫૫









જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
સેલ્સ ગર્લ્સ..૨
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ०२१५४/૯૪૯૯૬ ५२१०४







### આતંક સામેની લડાઈમાં સાયપ્રસના સમર્થન બદલ અમે આભારી : મોદી

# આ યુગ યુદ્ધનો નથી, વાતચીતથી સમાધાનની જરૂર : પીએમ મોદી

## બંને દેશોએ લોકશાહી અને રૂલ ઓફ લો જેવા મૂલ્યોમાં રાખેલો સહિયારો વિશ્વાસ આપણી ભાગીદારીનો મજબૂત આધાર છે : વડાપ્રધાન મોદી

સાયપ્રસ, તા.૧૬

ત્રણ દેશોના પ્રવાસે ગયેલા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાયપ્રસ પહોંચીને આતંકવાદ અને યુદ્ધને લઈ મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે અને સાયપ્રસના રાષ્ટ્રપ્રમુખ નિકોસ ક્રિસ્ટોડોલિડેસે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ યોજી સંબોધન કર્યું છે. સાયપ્રસે આતંકવાદ વિરુદ્ધ લડી રહેલા ભારતને સમર્થન આપતા વડાપ્રધાને આભાર વ્યક્ત કર્યો છે. આ ઉપરાંત બંને નેતાઓએ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને લઈ ચિંતા વ્યક્ત કરી છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'હું મારા ભવ્ય સ્વાગત બદલ સાયપ્રસના રાષ્ટ્રપ્રમુખનો હૃયથી આભાર વ્યક્ત કરું છું. જ્યારેથી મેં સાયપ્રસની ધરતી પર પગ મૂક્યો છે, ત્યારથી અહીંના રાષ્ટ્રપ્રમુખ અને અહીં લોકોએ પોતાનાપણું અને સ્નેહ દેખાડ્યો છે. મને થોડા સમય પહેલા જ સાયપ્રસના સર્વોચ્ચ સન્માનથી બિરદાવવામાં આવ્યો છે. આ માત્ર મારું સન્માન નહીં, ૧૪૦ કરોડ ભારતીયોનું સન્માન છે. આ ભારત અને સાયપ્રસની અતૂટ મિત્રતા પરની મહોર છે. આ માટે હું ફરી હૃદયથી આભાર વ્યક્ત કરું છું.'

તેમણે કહ્યું કે, 'અમે સાઈપ્રસ સાથેના સંબંધોને વધુ મહત્ત્વ આપીએ છીએ. બંને દેશોએ લોકશાહી અને રૂલ ઓફ લૉ જેવા મૂલ્યોમાં રાખેલો સહિયારો વિશ્વાસ આપણી ભાગીદારીનો મજબૂત આધાર છે. બંને દેશોની મિત્રતા પરિસ્થિતિથી કારણે ઉભી થઈ નથી અને સરહદોથી પણ બંધાયેલી નથી. આ મિત્રતાને સમયની કસોટી પર વારંવાર પારખવામાં આવી છે અને અમે દરેક સમયે સહયોગ, સન્માન અને સમર્થનની ભાવનાને જીવંત રાખી છે. અમે એકબીજાની સંપ્રભુતા અને ક્ષેત્રીય અખંડતાનું સન્માન કરીએ છીએ.'

મોદીએ કહ્યું કે, 'ભારતના કોઈ વડાપ્રધાને બે દાયકાના લાંબા સમય બાદ સાયપ્રસની યાત્રા કરી છે. જે એકબીજાના સંબંધોમાં નવો અધ્યાય લખવાનો ઉત્તમ અવસર છે. આજે મેં અને રાષ્ટ્રપ્રમુખે દ્વિપક્ષીય સંબંધો અંગે વ્યાપક ચર્ચા કરી છે. સાઈપ્રસનું 'વિઝન-૨૦૩૫' અને ભારતનું વિઝન 'વિકસિત ભારત ૨૦૪૭' ઘણા પાસાઓમાં સમાન છે, તેથી અમે સાથે મળીને ભવિષ્યને આકાર આપીશું. અમે આગામી પાંચ વર્ષો માટેનો એક ચોક્કસ રૉડમેપ તૈયાર કરીશું. દ્વિપક્ષીય સંરક્ષણ અને સુરક્ષામાં સહયોગ વધારવા તેમજ મજબૂત બનાવવા માટે 'ડિફેન્સ કો-ઓપરેશન પ્રોગ્રામ' હેઠળ સંરક્ષણ ઉદ્યોગને મહત્ત્વ આપીશું. આ ઉપરાંત બંને દેશો વચ્ચે સાયબર અને મેરીટાઈમ સિક્યોરિટી પર ડાયલોગ શરૂ કરવામાં આવશે.'

તેમણે કહ્યું કે, 'સરહદ પારના આતંકવાદ સામે ભારતની લડાઈમાં સાયપ્રસના સતત સમર્થન બદલ અમે આભારી છીએ. આતંકવાદ, ડ્રગ્સ અને હથિયારોની તસ્કરી અટકાવવા માટે બંને દેશોની એજન્સીઓ વચ્ચે રિયલ ટાઈમ ઈન્ફોર્મેશન એક્સચેન્જ માળખું તૈયાર કરવામાં આવશે. સાયપ્રસનો યોગ અને આયુર્વેદનો પ્રચાર જોઈ અમે ઉત્સાહિત થયા છીએ. ભારતીય પ્રવાસીઓ માટે સાયપ્રસ પણ એક પ્રિય સ્થળ છે. આ માટે અમે ડાયરેક્ટર એર કનેક્ટિવિટી બનાવવા પર ધ્યાન આપીશું. અમે નિર્ણય કર્યો છે કે, મોબોલિટી એગ્રીમેન્ટને પૂર્ણ કરવા માટે વહેલામાં વહેલી તકે કામ કરવામાં આવશે. યુરોપિયન યુનિટનમાં સાયપ્રસ વિશ્વસનીય ભાગીદાર છે.

સાયપ્રસના રાષ્ટ્રપ્રમુખ નિકોસ ક્રિસ્ટોડોલિડેસ સાથેની સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં ભારત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આ યુદ્ધનો યુગ નથી. પશ્ચિમ એશિયા અને યુરોપમાં ચાલી રહેલા સંઘર્ષ મામલે અમે બંને દેશોએ ચિંતા વ્યક્ત કરી છે. અમે બંને દેશો માનીએ છીએ કે, આ યુદ્ધનો યુગ નથી. વાતચીતથી સમાધાન અને સ્થિરતા ઉભી કરી શકાય છે અને તે જ માનવતા છે. અમે ભૂમધ્ય સાગર વિસ્તારમાં કનેક્ટિવીટ વધારવા માટે પણ ચર્ચા કરી છે. યુએનને સમકાલીન બનાવવા માટે જરૂરી સુધારાઓ પર અમે સમાન મંતવ્યો ધરાવીએ છીએ. સુરક્ષા પરિષદમાં ભારતને કાયમી સભ્યપદ આપવા બદલ અમે સાયપ્રસના આભારી છીએ.

---

### જનગણતરીની સમગ્ર પ્રક્રિયા ૧ માર્ચ, ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થશે

# વસતી ગણતરી માટે કેન્દ્ર સરકારે સત્તાવાર નોટિફિકેશન જાહેર કર્યું

## હવે વસ્તી ગણતરી સાથે સંબંધિત વિવિધ એજન્સીઓ સક્રિય થશે : પહેલા સ્ટાફની નિમણૂક, તાલીમ, ફોર્મેટની તૈયારી અને ફિલ્ડ વર્કનું આયોજન કરવામાં આવશે

નવી દિલ્હી, તા.૧૬

દેશ લાંબા સમયથી વસ્તી ગણતરીની રાહ જોઈ રહ્યો હતો અને આખરે સમય આવી ગયો છે, જ્યારે આ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ગૃહ મંત્રાલયે સોમવારે વસ્તી ગણતરી અધિનિયમ, ૧૯૪૮ હેઠળ વસ્તી ગણતરી અને જાતિ વસ્તી ગણતરી સંબંધિત સત્તાવાર ગેઝેટ નોટિફિકેશન જાહેર કર્યું છે. આ પછી, હવે વસ્તી ગણતરી સાથે સંબંધિત વિવિધ એજન્સીઓ સક્રિય થશે. પહેલા સ્ટાફની નિમણૂક, તાલીમ, ફોર્મેટની તૈયારી અને ફિલ્ડ વર્કનું આયોજન કરવામાં આવશે. દેશમાં પહેલીવાર વસ્તી ગણતરી અને જાતિ વસ્તી ગણતરી એક સાથે હાથ ધરવામાં આવી રહી છે. આ વખતે વસ્તી ગણતરીની પ્રક્રિયા બે તબક્કામાં પૂર્ણ કરવામાં આવશે. પહેલો તબક્કો ૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થશે, જ્યારે બીજો અને અંતિમ તબક્કો ૧ માર્ચ, ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થશે. આ માટે ૧ માર્ચ, ૨૦૨૭ ની મધ્યરાત્રિને સંદર્ભ તારીખ ગણવામાં આવશે, એટલે કે, તે સમયે દેશની વસ્તી અને સામાજિક સ્થિતિના આંકડા ગમે તે હોય, તે જ નોંધવામાં આવશે. આ દિવસથી, આંકડા જાહેરમાં આવવાનું શરૂ થશે. જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ અને ઉત્તરાખંડ જેવા હિમાલય અને ખાસ ભૌગોલિક પરિસ્થિતિઓ ધરાવતા રાજ્યોમાં, આ પ્રક્રિયા અન્ય રાજ્યો કરતા ઓક્ટોબર ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. આ નિર્ણય આ વિસ્તારોમાં હવામાનની મુશ્કેલીઓ અને દુર્ગમ વિસ્તારોને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. આ રાજ્યો માટે ૧ ઓક્ટોબર, ૨૦૨૬ ને સંદર્ભ તારીખ ગણવામાં આવશે.

જનગણતરીની સમગ્ર પ્રક્રિયા ૧ માર્ચ, ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, જે લગભગ ૨૧ મહિનામાં પૂર્ણ થશે. વસ્તી ગણતરીનો પ્રાથમિક ડેટા માર્ચ ૨૦૨૭ માં જાહેર થઈ શકે છે, જ્યારે વિગતવાર ડેટા જાહેર કરવામાં ડિસેમ્બર ૨૦૨૭ સુધીનો સમય લાગશે. આ પછી, લોકસભા અને વિધાનસભા બેઠકોનું સીમાંકન ૨૦૨૮ સુધીમાં શરૂ થઈ શકે છે. આ સમય દરમિયાન, મહિલાઓ માટે ૩૩ ટકા અનામત પણ લાગુ કરી શકાય છે. એટલે કે, ૨૦૨૯ ની લોકસભા ચૂંટણી પહેલા, મહિલાઓ માટે અનામત બેઠકોનું ચિત્ર સ્પષ્ટ થઈ શકે છે.

આ પછી, વસ્તીની ગણતરી કરવામાં આવશે, જેનો હેતુ દરેક વ્યક્તિની વસ્તી વિષયક, સામાજિક અને આર્થિક માહિતી એકત્રિત કરવાનો છે. ગણતરીકારો ફરીથી ઘરે ઘરે જઈને રાષ્ટ્રીય વસ્તી રજિસ્ટર (NPR) અને વસ્તી ગણતરી સંબંધિત પ્રશ્નો પૂછશે. આ વખતે ૩૦ પ્રશ્નો પૂછવામાં આવે તેવી શક્યતા છે, જેમાં નામ, ઉંમર, લિંગ, જન્મ તારીખ, વૈવાહિક સ્થિતિ, શિક્ષણ, રોજગાર, ધર્મ, જાતિ અને પેટા-સંપ્રદાય, પરિવારના વડા સાથેના સંબંધ, રહેણાંક સ્થિતિ અને સ્થળાંતર સંબંધિત પ્રશ્નોનો સમાવેશ થશે.

સ્વતંત્રતા પછી પહેલી વાર વસ્તી ગણતરીની સાથે જાતિ ગણતરી પણ થશે, જેમાં OBC, SC, ST અને સામાન્ય શ્રેણીની તમામ જાતિઓની ગણતરી કરવામાં આવશે. આ અંતર્ગત, આવક, શિક્ષણ, રોજગાર જેવી સામાજિક-આર્થિક સ્થિતિનો ડેટા પણ એકત્રિત કરવામાં આવશે. આ ડેટા સરકારી યોજનાઓ, અનામત નીતિઓ અને સામાજિક ન્યાય સંબંધિત યોજનાઓનો આધાર બનશે. કેન્દ્રીય નાણાં પંચ આ ડેટાનો ઉપયોગ રાજ્યોને અનુદાન આપવા માટે પણ કરે છે. આ ડેટા સામાજિક-આર્થિક નીતિઓ અને અનામત માટે ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે.આ વખતે વસ્તી ગણતરીમાં જાતિ ગણતરીનો પણ સમાવેશ થશે. આ અગાઉ પણ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સંબંધિત માહિતી માંગવામાં આવતી હતી, પરંતુ વસ્તી ગણતરી દરમિયાન અન્ય જાતિઓ વિશે માહિતી લેવામાં આવી ન હતી. પરંતુ આ વખતે દરેક વ્યક્તિને તેની જાતિ જણાવવાનો વિકલ્પ આપવામાં આવશે, જે લાંબા સમયથી ચાલી આવતી માંગનો એક ભાગ છે. ૧૯૩૧ પછી આ પહેલી વાર બનશે જ્યારે જાતિ ગણતરી વસ્તી ગણતરીનો ભાગ હશે.

---

### દિગ્ગજ કોંગ્રેસી નેતાનો વીડિયો વાયરલ

# કોંગ્રેસ વિધાયક છું પરંતુ RSS સાથે પણ જોડાયેલો છું

## મધ્ય પ્રદેશના સુનસેર વિધાનસભા સીટના વિધાયક ભૈરો સિંહનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે

સુનસેર, તા.૧૬

કોંગ્રેસ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ બંનેની વિચારધારા એકદમ અલગ છે. પરંતુ સંઘનો પ્રભાવ એટલો બધો વ્યાપક છે કે કોંગ્રેસીઓ પણ તેનાથી બાકાત લાગતા નથી. આમ તો લોકસભામાં નેતા વિપક્ષ અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી સતત આરએસએસને નિશાન બનાવે છે પરંત હવે તેમના જ એક સિપાઈનો વીડિયો હાલ વાયરલ થઈ રહ્યો છે. આ વાયરલ વીડિયોમાં કોંગ્રેસ વિધાયક કહે છે કે હું કોંગ્રેસનો વિધાયક છું પરંતુ આરએસએસ સાથે પણ જોડાયેલો છું. વીડિયો વાયરલ થયા બાદ સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બનેલો છે. સોશિયલ મીડિયામાં જે વીડિયો વાયરલ થઈ રહ્યો છે તે વીડિયો આગર-માલવા ક્ષેત્રનો છે. ભૈરો સિંહ પરિહાર અહીંની સુનસેર વિધાનસભા સીટથી વિધાયક છે. કોઈ સંગઠનના પ્રોગ્રામમાં સામેલ થવા માટે ભૈરો સિંહ પહોંચ્યાં હતા. આ દરમિયાન જ્યારે માઈક તેમના હાથમાં આવ્યું તો તેઓ આરએસએસની સાથે પોતાની નીકટતા વિશે બોલવા લાગ્યા. ભૈરો સિંહે કહ્યું કે આમ તો તેઓ કોંગ્રેસના વિધાયક છે પરંતુ આરએસએસ સાથે પણ જોડાયેલા છે. તેમણે કહ્યું કે આરએસએસના અનેક પદાધિકૈરા તેમના નિકટના છે અને તેમણે પણ સંઘ માટે અનેક કામ કર્યા છે. આ દરમિયાન ભૈરો સિંહે હાલમાં જ થયેલા એક સમજૂતિની પણ યાદ અપાવી.

સુનસેર વિધાનસભા સીટના કોંગ્રેસી વિધાયક ભૈરો સિંહે કહ્યું કે તેમણે આરએસએસ માટે કામ કર્યું છે. આ દરમિયાન પરિહારે એક ઘટના યાદ અપાવી જ્યારે ગરોઠ સીટથી વિધાયકને પોલીસ ઉઠાવી લઈ ગઈ હતી. તેમણે કહ્યું કે તે સમયે જ્યારે મુખ્યમંત્રી આવ્યા હતા ત્યારે તેમણે મળીને એક સમજૂતિ કરાવી હતી.

કોંગ્રેસ વિધાયક ભૈરો સિંહના વાયરલ વીડિયોમાં સંઘ પદાધિકારીઓને પણ તેઓ ફરિયાદ કરતા સંભળાઈ રહ્યા છે. ભૈરો સિંહનું કહેવું છે કે જો તેઓ સંઘના કાર્યાલય જાય તો તો મંડળ અધ્યક્ષ કહેશે કે ખબર નહીં આ કોણ આવી ગયું છે. ફરિયાદ કરતા ભૈરોએ સંઘની સાથે પોતાની નીકટતા અને સંગઠન માટે કામ કરવાના ઈતિહાસને બધા સામે ખુલીને રજુ કર્યું. વીડિયો વાયરલ થયા બાદ સોશિયલ મીડિયા પર લોકો આ અંગે ચર્ચા કરી રહ્યા છે.

---

### મળશે ૧ લાખ રૂપિયાની ભેટ

# હવે સરકાર કરાવશે તમારી વ્હાલીસોયી દીકરીના લગ્ન

## યોગી સરકારે મુખ્યમંત્રી સામૂહિક વિવાહ યોજનાનું બજેટ હવે લગભગ એક લાખ રૂપિયા પ્રતિ વિવાહ જેટલું કરી નાખ્યું છે

(લખનૌ, તા.૧૬

ઉત્તર પ્રદેશમાં દીકરીઓના લગ્ન કરવા એ હવે વધુ સન્માનજનક અને સરળ થવા જઈ રહ્યું છે. યોગી સરકારે મુખ્યમંત્રી સામૂહિક વિવાહ યોજનાનું બજેટ હવે લગભગ એક લાખ રૂપિયા પ્રતિ વિવાહ જેટલું કરી નાખ્યું છે. આ પગલું સામાજિક સશક્તિકરણ અને ગરીબ પરિવારોને મદદ કરવાની દિશામાં એક મોટી પહેલ ગણાઈ રહી છે. અત્યાર સુધી આ યોજના હેઠળ પ્રતિ વિવાહ ૫૧,૦૦૦ ની જોગવાઈ હતી પરંતુ હવે તે વધારીને એક લાખ રૂપિયા કરી દેવાઈ છે. જેમાં ૬૦,૦૦૦ રૂપિયાની રકમ સીધી દીકરીના બેંક ખાતામાં ટ્રાન્સફર કરાશે જ્યારે ૨૫,૦૦૦ રૂપિયા ઉપહાર સામગ્રી અને ૧૫,૦૦૦ રૂપયા વિવાહ આયોજન ખર્ચમાં અપાશે.

સરકાર દ્વારા અપાનારી ભેટ સાગગ્રીની સૂચિ પણ પહેલા કરતા વધુ આકર્ષક અને ઉપયોગી કરાઈ છે. જેમ કે દુલ્હન માટે ૫ સાડી બ્લાઈઝ, લહેંગા, ચૂંદડી અને અન્ય વસ્ત્ર, દુલ્હેરાજા માટે પેન્ટ-શર્ટનું કપડું, ગમછો વગેરે, દુલ્હન માટે પાયલ, વિંછિયા, બિસ્તર સેટ, ડ્રાયફ્રૂટ, મિઠાઈ, ટ્રોલી બેગ વગેરે.

આ વખતે ગોન્ડા જિલ્લાને ૭૨૨ લગ્નનું લક્ષ્યાંક મળ્યું છે. સમાજ કલ્યાણ અધિકારી એસપી સિંહ મુજબ નગર પાલિકાઓ અને બ્લોકોમાં શુભ મુહૂર્ત મુજબ વિવાહ કાર્યક્રમ સંપન્ન કરાશે.

આ યોજનાનો લાભ લેવા ઈચ્છુક પરિવાર સમાજ કલ્યાણ વિભાગના કાર્યાલય કે સંબંધિત બ્લોક કાર્યાલયમાં જઈને અરજી કરી શકો છો.

મુખ્યમંત્રી સામૂહિક વિવાહ યોજના હેઠળ છોકરીની ઉંમર ઓછામાં ઓછી ૧૮ વર્ષ અને છોકરાની ઉંમર ૨૧ વર્ષ હોવી જોઈએ. યોજનામાં નિરાશ્રિત કન્યા, વિધવા મહિલાની પુત્રી, દિવ્યાંગજનની પુત્રીને પ્રાથમિકતા અપાય છે. વિધવા તથા દિવ્યાંગ વિવાહાર્થીઓને પણ યોજનામાં મહત્વ અપાય છે.

સરકારની આ યોજના ફક્ત આર્થિક મદદ નથી પરંતુ એવા પરિવારો માટે આશા અને સન્માનનું પ્રતિક બની છે જે સામાજિક કારણો અને આર્થિક તંગીના પગલે વિવાહ કરવામાં મુશ્કેલી અનુભવે છે. હવે દરેક દીકરીના લગ્ન ફક્ત સંસ્કાર નહીં પરંતુ સરકારી સહાયનું ઉદાહરણ પણ બનશે.

---

### લખનઉ એરપોર્ટ પર મોટી દુર્ઘટના ટળી

# લખનઉ એરપોર્ટ પર લેન્ડિંગ સમયે પ્લેનના પૈડામાંથી નીકળી ચિંગારી

## આ વિમાન સાઉદી અરેબિયાના જેદ્દાહથી હજયાત્રીઓને લઈને પાછું ફર્યું હતું : પાઈલોટે એર ટ્રાફિક કંટ્રોલરને જાણ કરી

લખનઉ, તા.૧૬

લખનઉ એરપોર્ટ પર અમૌસી એરપોર્ટ પર પ્લેનના પૈડામાં આગ લાગી ગઈ. રવિવારે સવારે લેન્ડિંગ બાદ ટેક્સી વે પર જતી વખતે સાઉદી અરેબિયા એરલાઈન્સના વિમાનના ડાબા પૈડામાંથી ચિંગારી અને ખુબ ધૂમાડો જોવા મળ્યો. આ વિમાન સાઉદી અરેબિયાના જેદ્દાહથી હજયાત્રીઓને લઈને પાછું ફર્યું હતું. ચિંગારી જોતા જ પાઈલોટે એર ટ્રાફિક કંટ્રોલરને જાણ કરી હતી. ત્યારબાદ અફરાતફરી મચતા ફાયર ટીમ ઘટનાસ્થળે પહોંચી અને સ્થિતિ કાબૂમાં લીધી હતી.

જ્યારે આગ પર કાબૂ મેળવી લેવાયો ત્યારે તમામ મુસાફરોને સુરક્ષિત રીતે નીચે ઉતારી લેવાયા હતા. મળતી માહિતી મુજબ સાઉદી અરેબિયા એરલાઈન્સનું વિમાન એસવી ૩૧૧૨એ શનિવારે રાતે લગભગ ૧૧.૩૦ કલાકે જેદ્દાહ એરપોર્ટથી ઉડાણ ભરી હતી. આ વિમાનમાં ૨૪૨ હજયાત્રીઓ હતા. આ વિમાન રવિવાર સવારે લગભગ ૬.૩૦ વાગે અમૌસી એરપોર્ટ પહોંચ્યુ હતું. સૂત્રોના જણાવ્યાં મુજબ રનવે પર લેન્ડિંગ બાદ વિમાન ટેકસી વે પર આવી રહ્યું હતું. ત્યારે તેના ડાબા પૈડા પાસેથી ધુમાડા સાથે ચિંગારી ઉઠવા લાગી હતી. આ જોઈને પાઈલોટે એર ટ્રાફિક કંટ્રોલરને જાણ કરી. ત્યારબાદ એરપોર્ટ પર હાજર ફાયર સેફ્ટી ટીમ ઘટના સ્થળે પહોંચી. ફોમ અને પાણી ફેંકીને ૨૦ મિનિટમાં સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. આ દરમિયાન મુસાફરો વિમાનની અંદર જ હતા. મુસાફરોને જ્યારે આ વાતની જાણ થઈ તો તેઓ દહેશતમાં આવી ગયા હતા. સ્થિતિ પર કાબૂ મેળવ્યા બાદ વિમાનને પુશ બેક કરીને ટેક્સી વે પર લઈ જવાયું. યાત્રીઓને સુરક્ષિત રીતે પ્લેનમાંથી નીચે ઉતારવામાં આવ્યા. ત્યારબાદ એન્જિનિયરોની એક ટીમ વિમાનમાં આવેલી ખરાબી દૂર કરવામાં લાગી. પરંતુ મોડી સાંજ સુધી ખરાબી દૂર થઈ શકે નહતી. સૂત્રોના જણાવ્યાં મુજબ રનવે પર વિમાનના ઉતરવા દરમિયાન ડાબી બાજુના પૈડામાં ખામી આવી ગઈ હતી. એવું કહેવાય છે કે હાઈડ્રોલિક સિસ્ટમમાં લીકેજના કારણે આવું થયું. આ કારણે પૈડામાંથી ખુબ ધુમાડા સાથે ચિંગારી ઉઠવા લાગી.

એરપોર્ટ પ્રવક્તાનું માનીએ તો વિમાનમાં કેટલીક ટેક્નિકલ ખામી આવી હતી. એન્જિનિયરોની ટીમ તેને ઠીક કરી રહી છે. હજયાત્રીઓની વાપસી દરમિયાન સાઉદી અરેબિયા એરલાઈન્સનું વિમાન જેદ્દાહથી મુસાફરોને લઈને લખનઉ આવે છે. અહીંથી વિમાન ખાલી જાય છે. ખરાબી દૂર થતા જ વિમાનને પાછું જેદ્દાહ રવાના કરાશે.

---

### ટ્રમ્પની હત્યા કરવા ઈચ્છે છે ઈરાન

# લોહીયાળ સંઘર્ષ વચ્ચે નેતન્યાહૂનો મોટો દાવો

## ઈઝરાયેલ તેને પોતાની અસ્તિત્વની લડાઈ ગણાવી રહ્યું છે, જેના માટે ઓપરેશન રાઈઝિંગ લાયન શરૂ કર્યું

જેરૂસાલેમ, તા.૧૬

ઈરાન સાથે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ મોટો દાવો કર્યો. તેમણે કહ્યું કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનના 'નંબર વન' દુશ્મન છે. એટલું જ નહીં તેમનો દાવો છે કે ઈરાન ટ્રમ્પને મારવા માટે કામ કરે છે. શુક્રવારથી જ ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ભીષણ લોહિયાળ સંઘર્ષ ચાલુ છે. સમાચાર એજન્સી એએનઆઈએ ફોક્સ ન્યૂઝના હવાલે લખ્યું કે નેતન્યાહૂએ કહ્યું કે, 'તેઓ તેમને મારવા માંગે છે, તે દુશ્મન નંબર એક છે'. ઈઝરાયેલના પ્રધાનમંત્રીએ કહ્યુંકે, તેઓ એક નિર્ણાયક નેતા છે. તેમણે સમાધાનનો એ રસ્તો ક્યારેય અપનાવ્યો નથી જે બીજા અપનાવી રહ્યા છે. સમાધાનનો રસ્તો નબળો છે, જેનાથી તેમને યુરેનિયમ વધારવાનો રસ્તો મળે છે, જે બોમ્બ બનાવવાનો રસ્તો તૈયાર કરે છે અને અબજો ડોલર ખર્ચ કરાય છે.

નેતન્યાહૂએ કહ્યું કે, તેમણે ફેક કરાર લીધો અને તેને ફાડી નાખ્યો. તેમણે કાસિમ સુલેમાનીની હત્યા કરી. તેમણે સ્પષ્ટ કર્યું કે તમે પરમાણુ હથિયારો રાખી શકો નહીં, જેનો અર્થ એ છે કે તમે યુરેનિયમને વધારી કરી શકો નહીં. તેમણે ખુબ દબાણ બનાવ્યું છે જેના પગલે તેઓ તેમના દુશ્મન નંબર વન છે.

ઈઝરાયેલના પીએમનો એવો પણ દાવો છે કે તેઓ પણ ઈરાનના ટાર્ગેટ પર છે. તેમણે ઈરાનના પરમાણુ હથિયારો વિરુદ્ધ જંગમાં પોતાને ટ્રમ્પના 'જૂનિયર પાર્ટનર' ગણાવ્યા છે.

ઈઝરાયેલે શુક્રવારે સવારે ઓપરેશન રાઈઝિંગ લાયન શરૂ કર્યું. જેમાં ઈરાનના પરમાણુ મિસાઈલ, અને સૈન્ય માળખાને નિશાન બનાવ્યા. ત્યારબાદ ઈરાને પણ ઈઝરાયેલ પર જવાબી કાર્યવાહી કરી. જેનાથી ઈઝરાયેલ પર ઈરાન તરફથી જોરદાર હુમલાની આશંકા પેદા થઈ છે. કારણ કે ઈરાન તરફથી કેટલીક મિસાઈલો ઈઝરાયેલની એર ડિફેન્સને ભેદીને દેશમાં વચ્ચો વચ્ચ બનેલી ઈમારતોને ટાર્ગેટ કરવામાં સફળ થઈ.

નેતન્યાહૂએ પહેલેથી કહ્યું હતું કે, અમે અહીં એટલા માટે છે કારણ કે અમે અસ્તિત્વની લડાઈ લડી રહ્યા છીએ. જે હવે ઈઝરાયેલના દરેક નાગરિક માટે સ્પષ્ટ છે. વિચારો કે જો ઈરાન પાસે ઈઝરાયેલના શહેરો પર નાખવા માટે પરમાણુ હથિયારો હોત તો શું થાત. તેમણે કહ્યું કે વિચારો કે જો ઈરાન પાસે આ પ્રકારની ૨૦,૦૦૦ મિસાઈલો હોત તો. આ ઈઝરાયેલ માટે અસ્તિત્વનું જોખમ છે. આથી અમે વિનાશના બેવડા જોખમ વિરુદ્ધ મુક્તિનું યુદ્ધ શરૂ કર્યું છે. અમે તેને પૂરી તાકાત સાથે કરી રહ્યા છીએ. અમારા સૈનિકો, અમારા પાઈલોટ્સ, ઈરાનના આકાશમાં છે. તેમણે નાગરિકોને ઈરાની મિસાઈલ હુમલા દરમિયાન હોમ ફ્રન્ટ કમાન્ડના નિર્દેશોનું પાલન કરવા કહ્યું છે.

---

# ૭ વર્ષ પછી કરુણ નાયર ફરી ટીમ ઈન્ડિયાનો ભાગ બન્યો

નવી દિલ્હી, તા.૧૬

વર્ષ ૨૦૧૮માં કરુણ નાયર ટીમ ઈન્ડિયાની બહાર હતો. ત્યારબાદ તે ઘરેલુ ક્રિકેટમાં સારું રમ્યો, પરંતુ તે પછી પણ તે પાછો ફર્યો નહીં. આખરે નાયરે હિંમત ન હારી અને ઘરેલુ ક્રિકેટમાં સખત મહેનત કરતો રહ્યો. હવે તેને તે મહેનતનું ફળ મળ્યું છે. ૭ વર્ષ પછી કરુણ ફરીથી ટીમનો ભાગ બન્યો છે. ઈંગ્લેન્ડ સામેની ૫ મેચની ટેસ્ટ શ્રેણી પહેલા કરુણ નાયરે હવે તેના ખરાબ દિવસોને યાદ કરીને એક મોટો ખુલાસો કર્યો છે. તેણે ભૂતપૂર્વ ખેલાડીની સલાહ સ્વીકારી હતી, જેના કારણે તે આજે ખૂબ ખુશ છે.ભારતીય ટીમમાં પાછા ફરેલા કરુણ નાયરને એક સમયે એક સ્ટાર ખેલાડીએ નિવૃત્તિ લેવાની સલાહ આપી હતી. જેથી તે લીગ ક્રિકેટ રમીને પૈસા કમાઈ શકે. તે સમયે નાયરે તે સલાહનું પાલન ન કર્યું. એક ઈન્ટરવ્યુમાં નાયરે કહ્યું, મને હજુ પણ યાદ છે કે એક પ્રખ્યાત ભારતીય ક્રિકેટરે મને ફોન કરીને કહ્યું હતું કે તમારે નિવૃત્તિ લેવી જોઈએ, કારણ કે આ લીગમાં મળતા પૈસા તમને સુરક્ષિત રાખશે. આમ કરવું સહેલું હોત, પણ મને ખબર હતી કે પૈસા હોવા છતાં હું આટલી સરળતાથી નિવૃત્તિ લેવા બદલ મારી જાત સાથે અન્યાય કરત.આ જ ઈન્ટરવ્યુમાં કરુણ નાયરે કહ્યું, હું ફરીથી ભારત માટે રમવાનું છોડવા માંગતો ન હતો. આ ફક્ત બે વર્ષ પહેલાની વાત છે અને જુઓ આપણે હવે ક્યાં છીએ. તે પાગલપન છે, પરંતુ અંદરથી મને ખબર હતી કે હું ઘણો સારો છું.ટીમ ઈન્ડિયામાંથી બહાર થયા પછી કરુણ નાયરે કાઉન્ટી ક્રિકેટ રમી. જ્યાં તેણે શાનદાર પ્રદર્શન કર્યું. આ ઉપરાંત નાયરે રણજી ટ્રોફી, વિજય હજારે ટ્રોફીમાં પણ શાનદાર બેટિંગ કરી હતી. જેના કારણે હવે તે ફરીથી ઈંગ્લેન્ડ સામે રમવા માટે સંપૂર્ણપણે તૈયાર દેખાય છે.

---

### આ આગ ટ્રેનના શૌચાલયમાં લાગી હતી

# પુણેમાં ચાલુ ટ્રેનમાં આગ લાગતા મુસાફરોમાં મચી અફરાતફરી

## મહારાષ્ટ્રના પુણેથી દોડાવવામાં આવી રહેલી ડીઝલ ઈલેક્ટ્રિક મલ્ટીપલ યુનિટ શટલ ટ્રેનમાં એકાએક આગ

પુણે, તા.૧૬

મહારાષ્ટ્રના પુણેથી દોડાવવામાં આવી રહેલી ડીઝલ ઈલેક્ટ્રિક મલ્ટીપલ યુનિટ (DEMU) શટલ ટ્રેનમાં સોમવારે અચાનક આગ ભભૂકી ઉઠતા મુસાફરોમાં ભાગદોડ મચી ગઈ હતી. આ ઘટના તે સમયે બની જ્યારે ટ્રેન તેના નિર્ધારિત માર્ગ પર હતી અને તેમાં અચાનક આગ લાગી હતી. જે બાદ ટ્રેનના ડબ્બામાં ધુમાડો જોઈને ટ્રેનમાં સવાર મુસાફરોના જીવ અધ્ધર થઈ ગયા હતા અને ચીસાચીસો પાડવા લાગ્યા હતા.મળતી માહિતી અનુસાર, આ આગ ટ્રેનના શૌચાલયમાં લાગી હતી. આ કારણે એક વ્યક્તિ શૌચાલયમાં જ ફસાઈ ગઈ હતી, કારણ કે શૌચાલયનો દરવાજો અંદરથી લોક થઈ ગયો હતો. જોકે, કેટલાક મુસાફરોએ હિંમત બતાવીને શૌચાલયનો દરવાજો તોડી નાખ્યો હતો અને અંદર ફસાયેલી વ્યક્તિને સુરક્ષિત બહાર કાઢી, જેથી તેનો જીવ બચી ગયો.આ ઘટનાની જાણ થતાં જ રેલવે પોલીસના અધિકારીઓ અને રેલવેના અધિકારીઓ દોડી આવ્યા હતા. રેલવે પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું કે, આગ શૌચાલયના ડસ્ટબિનમાં લાગી હતી, જેમાં કચરાની સાથે કાગળો હતા.તપાસમાં સામે આવ્યું છે કે ટ્રેનમાં મુસાફરી કરી રહેલો મધ્ય પ્રદેશનો એક શખ્સ કથિત રીતે બીડી પીને તેને ડસ્ટબિનમાં ફેંકીને ચાલ્યો ગયો હતો, જેના કારણે ડસ્ટબિનમાં આગ લાગી હતી.રેલવે પ્રવકતના જણાવ્યા અનુસાર, આ મામલે ૫૫ વર્ષીય વ્યક્તિને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. ડસ્ટબિનમાં આગ લાગતા ધુમાડો ટ્રેનના ડબ્બા સુધી પહોંચી ગયો હતો, જેના કારણે મુસાફરોમાં અફરા-તફરી મચી ગઈ હતી, પરંતુ ટ્રેનમાં વધારે ભીડ ન હોવાથી સ્થિતિ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો.ફાયર બ્રિગેડ અને રેલવે અધિકારીઓએ તાત્કાલિક આગ પર કાબૂ મેળવતા એક મોટી દુર્ઘટના ટળી હતી. રેલવે પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. રેલવએ મુસાફરોને અપીલ કરી છે કોઈ ટ્રેનમાં ધૂમ્રપાન ન કરે, જેથી આ પ્રકારની ઘટનાઓ ફરી ન બને.

---

### સાયપ્રસે PM મોદીને આપ્યું સર્વોચ્ચ નાગરિક સન્માન

# મોદી સર્વોચ્ચ સન્માન ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ ઓર્ડર ઓફ મેકરિયોસ IIIથી સન્માનિત

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાયપ્રસનું સર્વોચ્ચ નાગરિક સન્માન સ્વીકારતાં તેને દેશની જનતાને સમર્પિત કર્યું છે

સાયપ્રસ, તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સાયપ્રસના સર્વોચ્ચ સન્માનથી બિરદાવવામાં આવ્યા છે. સાયપ્રસના રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડેસે વડાપ્રધાન મોદીને સાયપ્રસના સર્વોચ્ચ સન્માન ગ્રાન્ડ ક્રોસ ઑફ ધ ઑર્ડર ઑફ મેકરિયોસ IIIથી સન્માનિત કર્યા છે. આ ઍવૉર્ડ સાયપ્રસના પ્રથમ રાષ્ટ્રપતિ આર્કબિશપ મેકરિયોસ IIIના માનમાં આપવામાં આવે છે. ઉત્કૃષ્ટ સેવાઓ બદલ પ્રતિષ્ઠિત વ્યક્તિઓ અને રાજ્યના વડાને આ ઍવૉર્ડથી સન્માનિત કરવામાં આવે છે. આ સન્માન સાથે વડાપ્રધાન મોદીના આંતરરાષ્ટ્રીય ઍવૉર્ડમાં વધુ એક ઉમેરો થયો છે.ભારતમાંથી ૨૩ વર્ષ બાદ પ્રથમ વખત કોઈ વડાપ્રધાન સાયપ્રસની મુલાકાતે ગયા છે. નિષ્ણાતો અનુસાર, વડાપ્રધાન મોદીની સાયપ્રસ મુલાકાત પાછળનું કારણ ભૌગોલિક રાજનીતિ છે. ભારત તુર્કીયેના પાકિસ્તાન સાથે સુધરી રહેલા સંબંધોને ધ્યાનમાં લેતાં તેના વિરોધી દેશ સાયપ્રસ સાથે સંબંધો કેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. વડાપ્રધાન મોદી G7 સમિટમાં ભાગ લેવા માટે કેનેડા જવા રવાના થશે. જેના ભાગરૂપે આજે તેઓ સાયપ્રસ પહોંચ્યા છે. જ્યાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડૂલાઈડ્સ સાથે મુલાકાત કરી છે. ત્યારબાદ તેઓ ક્રોશિયા જશે, જ્યાં રાષ્ટ્રપતિ ઝોરન મિલાનોવિક અને વડાપ્રધાન એંડ્રેજ પ્લેનકોવિક સાથે મુલાકાત કરશે.વડાપ્રધાન મોદીએ સાયપ્રસનું સર્વોચ્ચ નાગરિક સન્માન સ્વીકારતાં તેને દેશની જનતાને સમર્પિત કર્યું છે. તેમણે કહ્યું કે, ગ્રાન્ડ ક્રોસ ઑફ ધ ઑર્ડર ઑફ મેકરિયોસ III સન્માન માટે હું તમારો (સાયપ્રસના રાષ્ટ્રપતિ), સાયપ્રસ સરકાર અને સાયપ્રસના લોકોનો આભાર માનું છું. આ સન્માન માત્ર મારું સન્માન નથી, પરંતુ ૧૪૦ કરોડ ભારતવાસીઓનું સન્માન છે. તેમના સામર્થ્ય અને આકાંક્ષાઓનું સન્માન છે. અમારો દેશ સાંસ્કૃતિક ભાઈચારા અને વસુધૈવ કુટુંબકમની વિચારધારાનું સન્માન છે. આ ઍવૉર્ડ ભારત અને સાયપ્રસના મહત્ત્વપૂર્ણ સંબંધોને સમર્પિત છે. તમામ ભારતીયો તરફથી આ સન્માનનો હું અત્યંત વિનમ્રતા અને કૃતજ્ઞતાથી સ્વીકાર કરું છું.

---

# ઉત્તર પ્રદેશમાં ફટાકડાંની ફેક્ટરીમાં જોરદાર બ્લાસ્ટ

લખનૌ, તા.૧૬

યુપીમાં અમરોહા-અતરાસી રોડ પર ખેતરોની વચ્ચે આવેલી ફટાકડાની ફેક્ટરીમાં આગ લાગી હતી. આ આગમાં ચાર મહિલાઓના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે એક પુરુષ સહિત નવ લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા. જોરદાર વિસ્ફોટ સાથે થયેલા આ અકસ્માતથી આસપાસનો વિસ્તાર પણ હચમચી ગયો હતો.ઘટનાની જાણકારી મળતા જ ડીએમ નિધિ ગુપ્તા વત્સ અને પોલીસ અધિક્ષક અમિત કુમાર આનંદ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને સ્થળનું નિરીક્ષણ કર્યા પછી સૂચનાઓ આપી હતી. સમગ્ર મામલાની માહિતી આપતાં અમરોહાના પોલીસ અધિક્ષક અમિત કુમાર આનંદે જણાવ્યું હતું કે, આ ફેક્ટરી સૈફૂર અહેમની છે જે જિલ્લા હાપુરના રહેવાસી છે. આ વિસ્ફોટ સોમવારે બપોરે થયો હતો. જેમાં પાંચ મહિલાઓના મોત થયા છે જ્યારે ૯ ઘાયલ થયા છે. મૃતક મહિલાઓના મૃતદેહને કસ્ટડીમાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે. અન્ય ઘાયલોને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. વિસ્ફોટ પાછળના કારણની તપાસ કરવામાં આવી રહી છે.

### પૂર્વ મુખ્યમંત્રીને ગાર્ડ ઓફ ઓનર અપાયું

# રાજકોટમાં રાજકીય સન્માન સાથે સ્વ. વિજય રૂપાણીની અંતિમવિધિ યોજાઈ

## ગૃહ મંત્રી અમિત શાહે અંજલીબેનને સાંત્વના પાઠવી અંતિમ યાત્રા નિકળી ત્યારે મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા અને આખું રાજકોટ જાણે હિબકે ચઢ્યું

રાજકોટ, તા.૧૬

૧૨ જૂને (ગુરુવારે) અમદાવાદમાં પ્લેન ક્રેશમાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના નિધન બાદ આજે રાજકોટમાં રાજકીય સન્માન સાથે સ્વ.વિજયભાઈ રૂપાણીની અંતિમવિધિ યોજાઈ છે. પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈને ગાર્ડ ઓફ ઓનર અપાયું હતું. સંપૂર્ણ સન્માન સાથે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને ગાર્ડ ઓફ ઓનર અપાયું, વરસાદ વરસતા લોકો કહી રહ્યા છે કે,આકાશ પણ રડી રહ્યું છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેંદ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ સહિતના નેતાઓએ સ્વ વિજય રૂપાણીજીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

દિવંગત વિજયભાઈ રૂપાણીનો પાર્થિવદેહ તેમના નિવાસસ્થાને પહોંચતા તમામ લોકો શોકમાં ગરકાવ થયા હતા. પાર્થિવદેહ ઘરે પહોંચતા જ વિજયભાઈ અમર રહો, જબ તક સૂરજ ચાંદ રહેગા વિજયભાઈ તુમ્હારા નામ રહેગા, ભારત માતા કી જયના નારા ગુજ્યાં હતા.

સૌ કોઈની આંખો ભીની થઇ ગઇ હતી.એરપોર્ટથી રાજકોટના વિવિધ માર્ગો પર ફરી પાર્થિવ દેહ તેમના નિવાસસ્થાને લઇ જવાતા વાતાવરણ ભારેખમ થઈ ગયુ હતુ અને વિજયભાઇ અમર રહોના નારા લાગ્યા હતા. ગ્રીનલેન્ડ ચોકડીથી તેમના મૃતદેહને તેમના નિવાસસ્થાને લવાતા કરૂણ દ્રશ્યો સર્જાયા હતા.

પરિવાર પાર્થિવ દેહ માટે હોસ્પિટલ પહોંચ્યો પરિવાર માટે આ ખૂબ જ કપરી ઘડી હતી. જ્યારે પરિવાર તાબૂત પાસે તેમના અંતિમ દર્શન માટે પહોંચ્યા તો તેમનો ધીરજનો બાંધ તૂટી ગયો હતો. અજંલિ બેન તેમના પતિ વિજયભાઇ રૂપાણીના અંતિમ દર્શન કરતા રડી પડ્યાં હતા. તેઓ ખૂબ જ ભાવુક બની ગયા હતા ત્યારબાદ તેમના પુત્ર ઋષભ રૂપાણી પહોંચ્યા હતા અને તેમણે પિતાના અંતિમ દર્શન કર્યા હતા. અમદાવાદમાં ૧૨ જૂને (ગુરુવાર) સર્જાયેલી વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનો પાર્થિવ દેહ રાજકોટ લવાયો હતો. જેમાં અનેક રાજકીય મહાનુભાવો જોડાયા અને રાજકોટમાં માહોલ ગમગીન બન્યો છે. ગુજરાતના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ વિજય રૂપાણીને અંતિમ શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી.

આ દુર્ઘટનામાં ૨૪૧ વિમાન મુસાફરો સહિત કુલ ૨૭૮ લોકોના દુખદ નિધન થયા હતાં. ગઈકાલે ડીએનએ સેમ્પલ મેચ થયા બાદ આજે (૧૬ જૂન) ૧૧:૩૦ વાગ્યે વિજય રૂપાણીનો પાર્થિવ દેહ તેમના પરિજનોને સોંપવામાં આવ્યો હતો, ત્યારબાદ વિજય રૂપાણીના પાર્થિવ દેહને ચાર્ટર પ્લેન દ્વારા સિવિલથી રાજકોટ તેમના નિવાસ સ્થાને લઈ જવામાં આવ્યા હતાં. વિજય રૂપાણીનો પાર્થિવ દેહ તેમના નિવાસ સ્થાને પહોંચ્યો ત્યારે નિવાસ સ્થાને તેમના અંતિમ દર્શન માટે લોકોની ભીડ ઉમટી પડી હતી. લોકોએ વિજયભાઈ અમર રહો જેવા વિવિધ સુત્રોચ્ચાર કરી વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. વિજય રૂપાણીને અંતિમ વિદાય આપવા માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, રાજ્યપાલ આચાર્યદેવવ્રત, અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજકોટ પહોંચ્યા છે. તેઓ અંતિમ યાત્રામાં જોડાઈ રૂપાણીના પરિવારને સાંત્વના પાઠવશે. કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ પણ હાજર રહ્યા હતા. રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યા પ્રમાણે, એર ઈન્ડિયા પ્લેન ક્રેશમાં આજે ચાર વાગ્યા સુધીમાં કુલ ૧૧૪ મૃતકોના ડીએનએ સેમ્પલ મેચ થયા છે. વધુ મૃતકોની ઓળખ ચાલુ છે.

વિજય રૂપાણીના નિવાસ સ્થાને પણ મોટી સંખ્યામાં લોકો શ્રદ્ધાંજલિ આપવા માટે ઉમટી પડ્યા હતા. ગુજરાતનાં સાંસદો, ધારાસભ્યો તથા ભારતીય જનતા પાર્ટીના દિગ્ગજ નેતાઓ રાજકોટમાં અંતિમ દર્શન કરવા માટે આવ્યા હતા. વિજય રૂપાણીનો પાર્થિવ દેહ એરપોર્ટ પર નિવાસ સ્થાને લઈ જતાં સમયે રોડની બંને બાજુ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા અને ફૂલ વરસાવી પૂર્વ મુખ્યમંત્રીને અંતિમ વિદાય આપી હતી. પાર્થિવ દેહ શ્રી પૂજિત મેમોરિયલ ટ્રસ્ટ ખાતે પહોંચ્યો ત્યાં પણ મોટી સંખ્યામાં પણ લોકોએ શ્રદ્ધાંજલિ આપી હતી.

વિજય રૂપાણીનો પાર્થિવ દેહ રાજકોટની ગ્રીન ચોકડી પહોંચ્યો ત્યારે અંતિમ દર્શન માટે મોટી સંખ્યામાં લોકો અને ભાજપના કાર્યકર્તાઓની હાજરી જોવા મળી રહી હતી. જ્યારે બીજી તરફ વિજય રૂપાણીના નિવાસસ્થાન પ્રકાશ સોસાયટી ખાતે લોકો દર્શન માટે આવી પહોંચ્યા હતા.પૂર્વ મુખ્યમંત્રી પાર્થિવ દેહ એર એમ્બ્યુલન્સ દ્વારા રાજકોટ લઈને આવવામાં આવ્યો હતો. સાંજે તેમની અંતિમ યાત્રા નિકળી ત્યારે મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા અને આખું રાજકોટ જાણે હિબકે ચઢ્યું હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. ગ્રીન લેન્ડ ચોકડીથી તેમના નિવાસ સ્થાને તેમનો પાર્થિવ દેહ લઈ જવામાં આવ્યો હતો. જેમા ગ્રીન લેન્ડ ચોકડી ખાતે હજારોની સંખ્યામાં લોકો એકઠા થયા હતા. ફૂલોથી શણગારવામાં આવેલી શબવાહિનીમાં વિજયભાઈના પાર્થિવદેહને રાખવામાં આવ્યો હતો. અંતિમયાત્રા કાઢ્યા બાદ વિજય રૂપાણીને ગાર્ડ ઓફ ઓનરથી સન્માનિત કરવામાં આવ્યા હતા.ત્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ત્યા હાજર રહ્યા હતા અને મોટી સંખ્યામાં લોકોએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી.



### પીજીવીસીએલની સેવા કથળતા પરેશાની

# દામનગરમાં ઘરેલુ અને ખેતીવાડી વીજ કનેકશનમાં અનિયમિત વીજળી

## જનપ્રતિનિધિઓએ દરમિયાનગીરી કરવી જરૂરી

દામનગર, તા. ૧૬

દામનગર શહેરમાં છેલ્લા એકમાસ થી સતત વીજ નિયમન વ્યવસ્થા ખોરવાઈ. લાઈટિંગ અને ખેતીવાડીમાં વારંવાર વીજ પુરવઠો ખોરવાય રહ્યો છે છેલ્લા એક માસથી ઝબુકવીજળીઝબૂકથીલોકોભારેપરેશાન છેલ્લા એક માસથી પી.જી.વી.સી.એલ તંત્રની ઘોરબેદરકારીનો ભોગ લોકો બની રહ્યા છે અનેક વિસ્તારોમાં લો વોલ્ટ સમસ્યાઓ વગર માંગણી બેફામ વીજ વપરાશ કરતાઓનાં કારણે સર્જાય છે લો વોલ્ટ સમસ્યા લોડ શેરિગ માટે તંત્ર એ દરકાર લેવામાં બદલે વાતાકુલિગ ઓફિસોમાંથી બહાર આવી વારંવાર સર્જાતી વીજ સમસ્યા નિકાલ કરવામાં તંત્રની બેદરકારી રીપેરીંગ કયારે કરાશે ? વારંવાર ઝબૂક વીજળી ઝબુકમાંથી મુકિત આપો તેવી સ્થાનિકોમાંથી બુલંદ માંગ ઉઠી રહી છે એક માસથી વીજ નિયમનમાં ભારે ખરાબી વારંવાર લાઈટ જતી રહેવાથી લોકો પરેશાન તંત્ર વાતાકુલિગ ઓફિસોમાંથી બહાર આવી વીજ નિયમન વ્યવસ્થા સુધારે.

### ધાતરવડી–૧ યોજના ડેમમાં પાણીની આવક વધતા હાઈએલર્ટ

# રાજુલા, ધારેશ્વર, નવી–જુની માંડરડી, ઝાંપોદરના લોકોને નદીના પટમાં અવર જવર ન કરવી

## વહીવટી તંત્રએ સાવચેત રહેવા પણ સુચના આપી

અમરેલી, તા. ૧૬

તા.૧૬ જૂન, ૨૦૨૫ને સોમવારના રોજ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ભાક્ષી ગામ પાસે ધાતરવડી નદી ઉપર આવેલા ધાતરવડી–૦૧ સિંચાઈ યોજનામાં ડિઝાઈન સ્ટોરેજના ૧૦૦ ટકાથી વધુ પાણી ભરાયેલું હોય હાઈ એલર્ટ આપવામાં આવ્યું છે.

ડેમમાં પાણીની ધીમી આવક શરૂ હોય ડેમ ઓવરફલો થવાની સંભાવના છે. ધાતરવડી–૧ નીચાણ વાસના ગામો રાજુલા, ધારેશ્વર, નવી–જૂની માંડરડી, ઝાંપોદરના લોકોને અમરેલી ફલડ સેલ વાયરલેસ ઓપરેટર દ્વારા ચેતવણી અને સૂચના આપવામાં આવી છે.

### ભારે વરસાદથી ઠેકઠેકાણે અફડાતફડી

# પાણી–પુરવઠાની સાઈટ પર ફસાયેલ ૨૪ નાગરિકોને પિપાવાવ કોસ્ટગાર્ડે બચાવ્યા

## વીક્ટરની શાળા ખાતે સલામત રીતે ખસેડ્યા

અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થયો હતો. જિલ્લાના રાજુલા તાલુકાના પીપાવાવ અને વિકટર ગામ વચ્ચે પાણી પુરવઠાની સાઈટ પર ૨૪ નાગરિકો પાણીમાં ફસાયા હતા. આ નાગરિકોને સલામત સ્થળે ખસેડવા માટે અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયા અને અમરેલી જિલ્લા વહીવટી તંત્ર તથા રાજુલા તાલુકા વહીવટી તંત્ર દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા.

પીપાવાવ અને વિકટર ગામની બાજુ પાણી પુરવઠાની સાઈટના સ્થળ પર પહોંચવાનો કાચો માર્ગ પાણીથી તરબોળ થયો હતો. આવી સ્થિતિમાં આ નાગરિકોને સલામત સ્થળે ખસેડવા માટે અમરેલી જિલ્લા કલેકટરે પીપાવાવ કોસ્ટ ગાર્ડને જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા.

અમરેલી જિલ્લાના પીપાવાવ કોસ્ટ ગાર્ડ અને પીપાવાવ કોસ્ટ ગાર્ડની ટીમ દ્વારા ત્રણ બોટમાં આ લોકોને રેસ્કયુ કરી વિકટર ગામની શાળા ખાતે સલામત રીતે ખસેડવામાં આવ્યા હતા.

જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ફીફાદ ગામે ભારે વરસાદની સ્થિતિના પગલે પાણી ભરાયા હતા.

સાવરકુંડલાના ફીફાદ ગામે ખાનગી બસમાં સવાર હતા તેવા છ મુસાફરો પાણીમાં ફસાયા હતા તેની જાણ સાવરકુંડલા પ્રાંત અને સાવરકુંડલા તાલુકા વહીવટી તંત્રને થતાં સમગ્ર ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી અને રેસ્કયુ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ સ્થળ પર ફસાયેલા મુસાફરો સુધી પહોંચવા વહીવટી તંત્ર દ્વારા એકથી વધુ માર્ગે રેસ્કયુ માટે પ્રયાસો કરવામાં આવ્યા હતા. રેસ્કયુ કરવા માટે અમરેલી જિલ્લાના માર્ગની સાથોસાથ ભાવનગર જિલ્લાના ગારિયાધારના માર્ગ તરફથી પણ રેસ્કયુ કામગીરી શરૂ કરવામાં આવી હતી. બસની અંદર પાણી ભરાઇ જતાં મુસાફરો દ્વારા અમરેલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન, જિલ્લા કંટ્રોલ રૂમ અને સાવરકુંડલા તાલુકા વહીવટી તંત્રને જાણ કરવામાં આવી હતી.



આ બાબતની ગંભીરતાને ધ્યાને લઈ અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાએ રાહત કમિશનર આલોક પાંડેને આ સ્થિતિથી અવગત કર્યા હતા. તેમના દ્વારા દિશાનિર્દેશો થતાં જામનગર એરફોર્સનું હેલિકોપ્ટર ફીફાદ ખાતે મોકલવામાં આવ્યું હતું. આ દરમિયાન ગારિયાધારના માર્ગેથી આ છ મુસાફર પૈકીના પાંચ મુસાફરને રેસ્કયુ કરવામાં સફળતા મળી હતી.

છ પૈકીના એક મુસાફર ઝાડ પર ચડી ગયો હતો, આ એક મુસાફરને રેસ્કયુ કરવા અમરેલી જિલ્લા કલેકટરે ફાયર ટીમને સૂચના આપી હતી. ફાયર ટીમની બોટ દ્વારા બાકી રહેલા આ એક મુસાફરને રેસ્કયુ કરવાની કામગીરી હાથ ધરી હતી તેથી આ મુસાફરને પણ સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

શેત્રુંજીના કાંઠે લીલીયા તાલુકાના બવાડી ગામના ખેતર વિસ્તારમાં છ નાગરિકો અને નદીકાંઠે આવેલા રાજુલા નગરપાલિકા સત્યજીત સોસાયટી વિસ્તારમાં બે નાગરિકો પાણીમાં ફસાયા હતા તેમને પણ રેસ્કયૂ કરી સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટરથી, અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા અને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દિલીપસિંહ ગોહિલના ટીમ વર્કથી આ તમામ રેસ્કયૂ કામગીરીનું નિરિક્ષણ કરવામાં આવ્યુ હતુ.

### વરસાદના આગમન થતાંની સાથે પાંચ કલાક સુધી વીજળી ગુલ

# જાફરાબાદ પી.જી.વી.સી.એલ.ની પ્રિ–મોન્સુન કામગીરીમાં ઉઠયા સવાલ

## કાળઝાળ ગરમીમાં શહેરીજનો તોબા પોકારી ગયા

જાફરાબાદ, તા.૧૬

જાફરાબાદ પી.જી.વી.સી.એલ. પ્રિ મોન્સુન કામગીરી ની ખુલ્લી પોલ પ્રથમ વરસાદ વરસ્યો ત્યાં તો વીજળી ગુલ થઈ પાંચ કલાક સુધી વીજપુરવઠો ખોરવાયો સામાકાંઠા વિસ્તારોમાં ગમે ત્યારે વિજ પુરવઠો બંધ થઈ જાય છે અને કલાકો સુધી ગુલ થઈ જતાં નાગરિકો ત્રાહિમામ પોકારી ઊઠયા છે. અમુક અમુક વિસ્તારોમાં લાઈટ જાય એટલે નાગરિકો દ્વારા પી.જી.વી.સી.એલના કોલ સેન્ટરમાં ફોન કરતાં ત્રણ ચાર કલાક પછી હેલ્પર જે વિસ્તારમાં લાઈટ ગુલ થઈ હોય. ત્યા આવી ફક્ત જોવામાં આવે છે. જો રીપેરીંગ થઈ તો જ રિપેરિંગ કામ કરવામાં આવે નહીં તો નાગરિકોને અંધારપટમાં મુકીને ચાલતી પકડવામાં આવે છે. નાગરિકો લાઈટ બિલ ભરવામાં ન આવે તો ઘરે ઘરે ઉઘરાણી કરવામાં આવે છે. અને બિલ ન ભરવામાં આવે તો કલેકશન કાપી નાખવામાં આવે છે. પરંતુ નાગરિકો પુરા બિલ પી.જી.વી.સી.એલ ને ભરવા છતાં સારી એવી સવલતો દેવામાં થઈ રહ્યા છે. ઠાગાઠૈયા આજે તા.૧૬/૦૬/૨૦૨૫ ના રોજ સામાકાંઠા વિસ્તારોમાં સવાર ના ૧૦:૦૦ વાગ્યેથી વિજ પુરવઠો બંધ થઈ જતાં નાગરિકો દ્વારા કોલ સેન્ટરમાં ફોન કરતાં કોલ સેન્ટર માંથી જણાવેલ કે સર્વિસ વાયેરનું રિપેરિંગ કામ ચાલુ છે. તેવું જણાવેલ બપોરે ૩:૦૦ વાગ્યે ના સમયે લાઈટ આવેલ પરંતુ વીસ મિનિટ બાદ ફરી લાઈટ જતી રહેલી ત્યાં બાદ સાંજના ૪:૦૦ વાગ્યે લાઈટ આવી હતી પરંતુ ફરી ૪:૩૨ લાઈટ ગુલ થઈ જતાં નાગરિકો દ્વારા પી.જી.વી.સી.એલ થી ત્રાહીમામ પોકારી ઊઠયા છે. સામાકાંઠા વિસ્તારોમાં ગમે ત્યારે વિજ પુરવઠો પાંચ– પાંચ કલાકો સુધી લાઈટ ગુલ કરી દેવામાં આવે છે. પીપળી કાંઠા વિસ્તારમાં સમયથી પાંચ કલાક સુધી વીજળી ગુલ થઈ જાય છે. કાળઝાળ ગરમીમાં પણ પી.જી.વી.સી.એલ. સામે લોકો ત્રાહિમામ પોકારી ઊઠયા હતા. અમુક વિસ્તારોમાં દિવસ દરમિયાન રાત્રિના સમયે ડ્રીમ લાઈટ રહેતી હોય ઘણા સમયથી આ પ્રશ્નનો હોય પરંતુ પી.જી.વી.સી.એલ. ધ્યાન આપતું નથી. પ્રિ–મોન્સુન કામગીરી માટે સરકારની સુચના હોવા છતાં કુંભકર્ણ નિંદ્રામાં સુતેલું પી.જી.વી.સી.એલ તંત્ર કોઈ કામગીરી કરતું નથી. ૧૨ થી ૧૪ કલાકો સુધી મેન્ટનેન્સ ની કામગીરી માટે કાંપ મુકવામાં આવતો હોય તો લાઈટ પાંચ– પાંચ કલાકોસુધી કેમ ગુલ થઈ જાય છે. તેવા અનેક પ્રશ્નો લોકમુખે ચર્ચાઈ રહ્યા છે. આજે પડેલા થોડા ઘણા વરસાદે પી.જી.વી.સી.એલ ની પોલ ખોલી નાખી છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં નાગરિકો હેરાનપરેશાન થઈ રહ્યા હતા. તો હવે ચોમાસા ની શરૂઆત થઈ અને પ્રથમ વરસેલા વરસાદ થી પી.જી.વી.સી.એલ ની કામગીરી ઉપર ઉઠયા સવાલ કાળઝાળ ગરમીમાં નાગરિકો હેરાનપરેશાન થયાં શું હવે ચોમાસામાં પણ પી.જી.વી.સી.એલ ની હેરાનગતિ નો સામનો કરવો પડશે તેવા અનેક પ્રશ્નો લોકમુખે ચર્ચાઈ રહ્યા છે.

### ઘણા મહિના ઓથી કુંભકર્ણ કરતા પણ વધારે ગાંઢ નિદ્રામાં પોચી ગયા હોય

# અમરેલીમાં ફુડ એન્ડ ડ્રુગ્સ અને આરોગ્ય વિભાગને ઢોલ વગાડીને જાગૃત કરવુ પડે તેવી સ્થિતિ

## ચાડિયાનાં ન્યાય સમિતિનાં ચેરમેને જિલ્લા કલેક્ટર ને પત્ર પાઠવ્યો

અમરેલી, તા.૧૬

હાલ સમગ્ર રાજયમાં વરસાદી માહોલ છે. એક સાથે બે ૠતુનો અનુભવ થઈ રહયો છે. વાતાવરણ બદલાવ અને વરસાદી વાતાવરણમાં રોગચાળા વધુ ફેલાવાની શકયતા રહે છે. રાજયમાં કોરોનાના પણ ઘણા કેસો સામે આવ્યા છે. ત્યારે અમરેલી શહેરમાં ગલીએ–ગલીએ અને ચોકે–ચોકે ખાણીપીણી ની લારીઓ અને હોટેલો ખોલી દેવામાં આવી છે. શહેર અને જિલ્લામાં ગામે ગામ ખાણીપીણીની વસ્તુનું વેચાણ કરવામાં આવી રહયું હોય છે અનેક જગ્યાએ રેસ્ટોરન્ટ ખોલવામાં આવ્યા છે.



ત્યારે અમરેલીની શહેર અને જિલ્લામાં ફરતા પાણીપુરી તેમજ અન્ય ખાણીપીણીની વસ્તુ ખરેખર ખાવા લાયક છે કે નહિ? અમરેલીમાં આવેલ રેસ્ટોરન્ટમાં પીરસવામાં આવતું ભોજન જમવા યોગ્ય છે કે કેમ? શું તે પડતર તો નથી ને? રસોઈ માટે વાપરવામાં આવતી સામગ્રી જમવા લાયક છે કે કેમ? ભોજન માટે વાપરવામાં આવતું શાકભાજી તાજુ છે કે પડતર? હોટેલોમાં અને દુકાનોમાં આપવામાં આવતી મીઠાઈ તાજી છે કે પડતર તે ખાવા યોગ્ય છે કે નહી? રેસ્ટોરન્ટ,દુકાન ધારકો ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગનું લાઈસન્સ ધરાવે છે કે નહી. આ અંગે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે સમયાંતરે તપાસ કરવાની હોય છે પરંતુ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ ઘોર નીદ્રામાં હોય અને ઓફિસે બેસીને જ તપાસ કરી લેતું હોય તેવું લાગી રહયુ છે.

અમરેલી શહેરમાં ચાલતી રેસ્ટોરેન્ટો અને ગામમાં ગલીએ–ગલીએ ચલાવવામાં આવતી ખાણીપીણીની દુકાનો અને લારીઓના ખાધ્ય પદાર્થોની તાત્કાલીક તપાસ થાય. અયોગ્ય ખાણીપીણીની સામગ્રી વેચતા લોકો પર તાત્કાલીક પગલા લેવાય તે અંગે જાગૃત નાગરિક તથા ચાડીયા ગ્રામ પંચાયતના ન્યાય સમિતિના ચેરમેન દિપાલીબેન મકવાણા ધ્વારા કલેકટર ને પત્ર લખી રજુઆત કરવામાં આવી છે.

# દેવભૂમિ દેવળીયા ગામથી સાવરકુંડલા માર્ગ સુધી ૩ કિ.મી.માં વૃક્ષારોપણ






અમરેલી દેવભૂમિ દેવળીયા ગામથી સાવરકુંડલા રોડને જોડતા ત્રણ કિમી રોડની બંને બાજુ શાંતાબા મેડીકલ કોલેજ અમરેલી દ્વારા ત્રણ સો જેટલા ટ્રી ગાર્ડ સહયોગ થકી અને મનરેગા યોજનામાં ખાડા અને વાવેતર કરવામાં આવ્યું. અને વૃક્ષો વાવેતર માટે રોપ જંગલ ખાતાના અધિકારીઓ કર્મચારીઓના સહયોગથી વિનામૂલ્યે આપવામાં આવ્યા જેમાં વડ, લીમડો, સરલ, કરંજ જેવા વૃક્ષોની રોપણી કરવામાં આવી તેને પાણી પાવા માટે દેવભૂમિ દેવળીયા વિકાસ યુવક મંડળ સુરત દ્વારા સહકાર આપવા માટે તૈયાર દર્શાવેલા તમામ સહયોગ આપનારાઓનો આભાર. ભાવનાબેન નાથાલાલ સુખડીયા સરપંચ દેવભૂમિ દેવળીયા ગ્રામ પંચાયત તા.જી. અમરેલી.

## પાના ૧ ઉપરનું ચાલું રાજુલામાં મનમૂકીને મેઘરાજા

ધાતરવડી ડેમ એક અને ધાતરવડી ડેમ ૨ ઓવરફલો થયા છે ત્યારે ધાતરવડી ડેમ ૨ના સાત દરવાજા તંત્રને ખોલવાની ફરજ પડી છે ત્યારે વધારે મળતી વિગત મુજબ રાજુલા તાલુકાનું પીપાવાવ ધામમાં પાણીના પ્રવાહમાં મજૂરો ફસાતા ત્યાં રેસ્કયુ કરવામાં આવ્યું ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ પ્રાંત અધિકારી તાલુકા વિકાસ અધિકારી સહિતની ટીમો ઘટના સ્થળે પહોંચી અને પીપાવાવ ઈન્ડિયન પોસ્ટકાર્ડની ટીમ દ્વારા પાણીના પ્રવાહમાંથી મજૂરોને બહાર કાઢવામાં આવ્યા અંદાજિત ૨૨ જેટલા મજૂરોનું કોસ્ટગાર્ડ દ્વારા રેસ્કયૂ ઓપરેશન કરવામાં આવ્યું અને મોટાભાગના મજૂરોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા ત્યારે રાજુલામાં આ વરસાદમાં બીજી ઘટના રાજુલા શહેરના જકાતનાકા પાસે ઈલેકટ્રીકના પોલ પડી જતા રાજુલા સાવરકુંડલા અમરેલી રાજકોટ જવાનો રસ્તો બંધ થયેલો અને વીજળી પુરવઠો ખોરવાયો હતો ભારે વરસાદના કારણે ધાતરવડી ડેમમાં નવું પાણી આવતા આ પોલ પાણીમાં ખેંચાયા અને ઈલેક્ટ્રીક પોલ પડી જતા વાયર રોડ ઉપર આવતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા ત્યારે રાજુલા પોલીસ દ્વારા ચાલુ વરસાદમાં કપરી કામગીરી કરી અને આ રસ્તો ખુલ્લો કરવામાં આવેલો તેમજ આ પાણીમાં ત્રણ ભેસ ડૂબી જવા પામેલ જોકે થોડા સમય બાદ ફરીથી વીજળી પુરવઠો તેમજ આ રસ્તો શરૂ કરી દેવામાં આવ્યો હતો અને રાજુલા સ્થાનિક પોલીસની મદદથી આ હાઈવે શરૂ કરી દેવામાં આવેલો રાજુલા તાલુકામાં નાનું એવું રીંગણીયાળા ગામ જયાં ચારે બાજુ પાણી જળબંબાકાર જોવા મળ્યું અને આ ગામમાં અવરજવરનો રસ્તો પણ બંધ થવા પામેલો મળતી વધારે વિગત મુજબ રાજુલા તાલુકાનું હડમતીયા અને દેવકા ગામની વચ્ચે આવેલી નદીમાં ૨૫ જેટલા ઘેટા બકરા તણાયા હતા જેમાં સ્થાનિક લોકો દ્વારા ૧૦ ઘેટાનું રેસ્કયુ કરવામાં આવેલું તેમજ રાજુલા તાલુકાનું વાવેરા ગામ જયાં ૧૫ વર્ષમાં પહેલીવાર ગામ લોકો એ પાણી જોયું આ ગામમાં જયાં નજર નાખો ત્યાં પાણી પાણી જોવા મળેલ. જોકે શહેરમાં આટલો વરસાદ પડતાં રાજુલા શહેરની વિવિધ સોસાયટીઓ જેવી કે મન મંદિર રેમ્બો સોસાયટી મારતી નગર એસટી વર્કશોપ સહિતના વિસ્તારોમાં પાણી ભરાયેલા ત્યારે આ વિસ્તારના લોકો ખૂબ જ મુશ્કેલીમાં મુકાયેલા.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૪૫ | ૧૬૦૨ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૦૦ | ૧૫૪૦ |
| ૩ | મગફળી | ૯૫૫ | ૧૦૫૫ |
| ૪ | તલ કાળા | ૨૭૩૦ | ૩૧૦૦ |
| ૫ | ચણા | ૧૦૫૫ | ૧૦૭૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૩૦ | ૧૦૬૨ |
| ૨ | શિંગ મોટી | ૮૩૦ | ૧૧૩૦ |
| ૩ | શિંગદાણા | ૧૨૭૦ | ૧૬૫૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૫૨૬ |
| ૫ | તલ સફેદ | ૧૦૮૦ | ૨૦૯૦ |
| ૬ | તલ કાળા | ૨૩૪૦ | ૩૨૯૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૬૫૦ | ૨૧૯૦ |
| ૮ | બાજરો | ૪૦૫ | ૫૧૫ |
| ૯ | જુવાર | ૫૫૦ | ૬૧૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૬ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૪૦ |
| ૧૨ | મગ | ૧૦૦૦ | ૧૩૨૦ |
| ૧૩ | અડદ | ૧૨૯૮ | ૧૨૯૮ |
| ૧૪ | ચણા | ૭૪૫ | ૧૦૭૧ |
| ૧૫ | ચણા સફેદ | ૧૦૩૦ | ૧૦૫૨ |
| ૧૬ | તુવેર | ૧૦૦૦ | ૧૧૩૧ |
| ૧૭ | કપાસ | ૮૯૮ | ૧૬૨૪ |
| ૧૮ | એરંડા | ૧૦૯૭ | ૧૨૬૨ |
| ૧૯ | જીરૂ | ૨૫૦૦ | ૩૭૫૦ |
| ૨૦ | રાયડો | ૧૦૫૨ | ૧૦૫૨ |
| ૨૧ | રાય | ૧૧૨૫ | ૧૧૫૫ |
| ૨૨ | ધાણી | ૯૯૦ | ૧૨૭૨ |
| ૨૩ | સોયાબીન | ૭૯૨ | ૮૦૮ |

## પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલાના વૃધ્ધાશ્રમમાંથી

કાળુભાઈ પરમાર નામના ઈસમની પુછપરછ કરી, ટેકનીકલ રીતે ખરાઈ કરતા, મળીઆવેલ રોકડ તથા મોબાઈલ ફોન સાવરકુંડલામાં ઢોલીયાધાર વિસ્તારમાં આવેલ મા–બાપનું ઘર – વૃધ્ધાશ્રમ તથા આ વૃધ્ધાશ્રમની સામે આવેલ આશ્રમની ચોરીનો ભેદ ઉકેલી નાખેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં અર્ધાથી લઈને

સવારથી જ ધીમીધારે વરસાદ શરૂ થયા બાદ બપોરથી અનરાધાર વરસાદ શરૂ થતાં અમરેલી શહેરની મુખ્ય બજારો ભીડભંજન ચોક, રાજકમલ ચોક, સરદાર સર્કલ પાણીમાં ગરકાવ થયા હતા. જયારે શહેરના નિચાણવાળા વિસ્તારો પાણી પાણી થઈ ગયા હતા. જયારે અમરેલીમાં ભારે વરસાદથી વાહન ચાલકો પરેશાન થઈ ઉઠયા હતા.

લીલીયા પંથકમાં પણ અનરાધાર વરસાદ પડયો હતો. લીલીયા તાલુકાના ભોરીંગડા ગામમાં કોઝવે બનાવવામાં આવી રહ્યો હોવાથી ત્યાં ડાયવર્ઝન કરવામાં આવેલ છે. આ ડાયવર્ઝનમાં વરસાદી પાણી ભરાઈ જવાથી અમરેલીથી ગારિયાધાર જઈ રહેલી એક એસ.ટી. બસ પાણીમાં ફસાઈ જવા પામી હતી. જેમાં બેસેલા ૨૦ જેટલા મુસાફરોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા. લીલીયાના ભોરીંગડા ગામે નદીના પાણી ગામમાં ઘુસીજવા પામેલ હતા. જયારે નાના લીલીયાથી લોકી જવાનો માર્ગ તથા શેઢાવદરથી લીલીયા જવાનો માર્ગ બંધ થયો હતો અને નાના લીલીયા ગામમાં વરસાદી પાણી ઘુસી ગયા હતા.

રાજુલા ગ્રામ્ય વિસ્તારોમાં સવારથી અવિરત ધોધમાર વરસાદ શરૂ થવા પામેલ છે. જેમાં રાજુલાના છાપરી ગામે વરસાદના કારણે છાપરી ગામની જોલાપરી નદીમાં પૂર આવી જતાં પૂર જોવા આવતા સ્થાનિકો પૂરનો પ્રવાહ જોવા ઉમટયા હતા.

ત્યારે રાજુલાના હડમતિયા અને દેવકા વચ્ચે ભારે વરસાદના કારણે નદીના પાણીના પ્રવાહને કારણે આશરે ૨૫ જેટલાં બકરા નદીમાં તણાઈ ગયા. જે પૈકી સ્થાનિક લોકો ધ્વારા ૧૦ બકરીઓને બચાવી લેવાય હતી. જયારે ભારે વરસાદને કારણે જોલાપુરી નદીમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી.

રાજુલા તાલુકાની મોરંગી ગામની સ્થાનિક રામતલીયા નદીમાં નદીમાં પૂર આવતાં રામતલીયા નદી બે કાંઠે થઈ વ્હેતી થઈ હતી. જયારે રાજુલાના ડુંગર, સાંજણવાવ, રાભડા, મોરંગી સહિતના ગામોમાં ધોધમાર વરસાદ પડયો હતો.

સાવરકુંડલા શહેરમાં અનરાધાર વરસાદ પડતા સાવરકુંડલાની નાવલી નદીમાં આવ્યું પૂર આવતાં નાવલી નદી ચોમાસાના પ્રથમ વરસાદે બે કાંઠે વ્હેતી થઈ હતી. જયારે વીરડી ગામે ભારે વરસાદ પડયો છે.

ખાંભાશહેર સાથે ગીરના ગામોમાં ભાવરડી, ડેડાણ, માલકનેસ ગામોમાં વરસાદમાં વાવણી લાયક વરસાદથી ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે.

ધારી શહેર સહિતના મોરજર, ખીચા, વીરપુર, દૂધાળા, પાતળા સહિતના ગામોમાં સવારથી ધીમીધારે વરસાદ શરૂ થવા પામેલ છે. ધારીના અમરેલી માર્ગ પર સુરતથી ધારી આવતી ખાનગી બસ રોડની સાઈડમાં ઉતરી જતા અકસ્માત સર્જાયો હતો. આ બસમાં રહેલા ૨૦ જેટલા મુસાફરોનો આબાદ બચાવ થયો હતો.

લાઠી શહેર સાથે લાઠી ગ્રામ્ય વિસ્તાર ભુરખિયા, તાજપર, નાના રાજકોટ, પ્રતાપગઢ, દૂધાળા ગામોમાં ધીમીધારે વરસાદ પડયો હતો.

અમરેલી જિલ્લા ફલડ કંટ્રોલ રૂમ ખાતે સાંજે ૬ વાગ્યા સુધીમાં કુંકાવાવ–વડીયામાં ૩૫ મી.મી. (૮૩), બાબરામાં ૧૮ મી.મી. (૮૯), લાઠી ૩૧ મી.મી. (૪૦), લીલીયા ૧૨૦ મી.મી. (૧૨૭), અમરેલી ૧૩૩ મી.મી. (૧૫૦), બગસરા ૪૦ મી.મી. (૪૯), ધારી ૩૭ મી.મી. (૩૯), સાવરકુંડલા ૨૧૦ મી.મી. (૨૨૭), ખાંભા ૯૮ મી.મી. (૧૬૩), જાફરાબાદ ૪૨ મી.મી. (૪૬), જયારે રાજુલા ૧૮૩ મી.મી. (૨૦૧) મીમી. વરસાદ નોંધાયો છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૮૦ | ૧૨૨૫ |
| ૨ | શીંગ મોટી | ૧૦૩૦ | ૧૧૧૫ |
| ૩ | શીંગ ઉનાળુ | ૧૦૦૦ | ૧૧૪૦ |
| ૪ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૦૨૧ |
| ૫ | તલ કાળા | ૨૦૦૦ | ૩૦૦૦ |
| ૬ | જીરૂ | – | ૩૪૫૧ |
| ૭ | કપાસ | ૧૩૬૦ | ૧૫૮૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૯૦ |
| ૯ | બાજરો | ૩૩૦ | ૪૭૫ |
| ૧૦ | મગ | ૧૨૩૦ | ૧૩૭૦ |
| ૧૧ | અડદ | ૧૧૦૦ | ૧૨૫૮ |
| ૧૨ | ચણા | ૧૦૩૦ | ૧૧૦૦ |
| ૧૩ | મેથી | ૮૪૦ | – |

## પાના ૮ ઉપરનું ચાલું વડિયા ખાતે વિમાન દુર્ઘટનાનાં મૃતક

ઊંઘાડ, ડેપ્યુટી કલેકટર નંદા, ડીવાએસપી દેસાઈ, બગસરા મામલતદાર ભીંડી, વડિયા પીએસઆઈ ગાંગળા સહિત વડિયા મામલતદાર, ટીડીઓ અને પોલીસ સ્ટાફ સહિતનાએ પરિવારને સાંત્વના સાથે શ્રદ્ધાંજલી આપી હતી. વડિયાના કૃષ્ણપરા સ્થિત તેમના નિવાસ સ્થાનેથી મેંઘ સવારી વચ્ચે યોજાયેલી સ્મશાન યાત્રામાં પૂર્વ કેબિનેટ મંત્રી સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા અને મૃતક અર્જુનભાઈને અશ્રુભરી આંખોએ અંતિમ વિદાય અપાઈ હતી. આ તકે વડિયા ગ્રામપંચાયતની અપીલથી વડિયા ગામ પણ અડધો દિવસ બંધ રહ્યું હતુ.


## જાહેર નોટિસ

આથી જાહેર નોટિસ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. કે અમરેલી જિલ્લાનાં બગસરા તાલુકાનાં મોજે જુના વાઘણીયા ગામે આવેલ ખેતી જમીનના ખાતા નં.૧૪૦ થી નોંધાયેલ ખેતીની જમીન મિલ્કત જે સર્વે ૫૫/૧ હે. આરે ૧–૬૧–૮૮ આકાર ૧૦–૭૫ આ મિલ્કત હાલમાં (૧) ચતુરભાઈ કાનજીભાઈ રાખોલીયાના સુંવાગ માલીકીના હક્કમાં ચાલે છે. સદરહું ખેતી જમીન અમારા અસીલ ખરીદ કરવા માંગતા હોય સદરહું મિલ્કત અંગે કોઈ પણ બેન્ક સંસ્થા કે વ્યકિત કોઈપણ જાતનો હક્ક હિત કે હિસ્સો કે ગીરો કબજો કે બક્ષીસ હોય તો આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેલ દિવસ ૧૫ દિવસમાં અમો નિચે સહી કરનાર પાસે રજુ કરશો જો સમય મર્યાદા કોઈના તરફ કોઈપણ વાંધો કે તકરાર રજુ થશે. નહી તો સદરહું મિલ્કત પર પ્રત્યે કોઈપણ ને વાંધો કે તકરાર છે નહી. અને હોય તો સ્વૈચ્છાએ (WAIVE) કરેલ છે. તેમ માની ને અમો સદરહું ખેતીની જમીનનો કાયદેસરની નો અવેજ ચુકવી અમારા અસીલ વેચાણ દસ્તાવેજો સબ રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાવી કરાવી લેશો. ત્યારબાદ કોઈનાં કોઈ પણ જાતનાં વાંધા તકરાર રજુ થશે. તો અમારા અસીલને બંધન કર્તા રહેશે. જેની નોંધ લેશો.

તે અમારા અસલની સુચનાથી
ચતુરભાઈ કાનજીભાઈ રાખોલીયા

તારીખ : ૧૬/૦૬/૨૦૨૫
સ્થળ : કુંકાવાવ મોટી
રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, મુ.કુંકાવાવ મોટી, તા.વડીયા, જિ.અમરેલી.મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦

યોગેશ ડી.દવે
(એડવોકેટ એન્ડ નોટરી)


## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૦૦ | ૧૦૦૫ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૦૦ |
| ૩ | ચણા | ૧૦૬૪ | ૧૦૬૪ |
| ૪ | તલ કાળા | ૨૮૮૦ | ૨૮૮૦ |
| ૫ | તલ સફેદ | ૧૩૦૫ | ૧૭૪૯ |
| ૬ | મગ | ૧૧૫૫ | ૧૧૮૦ |
| ૭ | શીંગ ફાડા | ૧૨૧૦ | ૧૨૧૦ |
| ૮ | ધાણા | ૧૨૦૫ | ૧૨૦૫ |
| ૯ | સોયાબીન | ૭૪૫ | ૭૪૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૩૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૭૫ | ૪૯૦ |
| ૩ | ધાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૪ | ચણા | ૧૦૧૫ | ૧૦૬૬ |
| ૫ | તુવેર | ૧૦૭૦ | ૧૧૬૫ |
| ૬ | શીંગફાડા | ૧૩૦૦ | ૧૪૪૦ |
| ૭ | મગફળી | ૯૦૦ | ૯૦૦ |
| ૮ | તલ સફેદ | ૧૧૫૦ | ૨૦૦૦ |
| ૯ | સોયાબીન | ૬૮૦ | ૮૧૮ |
| ૧૦ | બાજરો | ૪૫૦ | ૪૫૦ |
| ૧૧ | મગ | ૧૨૦૦ | ૧૨૪૦ |
| ૧૨ | અડદ | ૧૩૨૦ | ૧૩૨૦ |
| ૧૩ | તુવેર | ૧૦૦૦ | ૧૧૨૦ |
| ૧૪ | તલ કાળા | ૧૪૦૫ | ૧૪૦૫ |

## બાબાપુર, ભંડારીયા સહિતનાં ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદ



તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

બાબાપુર, તા. ૧૬

અમરેલીનાં બાબાપુર, ભંડારીયા, તરવડા, મેડી, સરભંડા, વાંકિયા સહિતનાં ગામોમાં સુપડાધારે વરસાદ પડતાં ગ્રામજનો અને ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે.

## પાના ૮ ઉપરનું ચાલું આડા સંબંધની આશંકા અને

આડાસબંધહોવાનીવાતનુમનદુઃખરાખી ગઈકાલ તા.૧૫ ના રોજ બપોરના ૨ વાગ્યાના અરસામાં આરોપી જીવાભાઈ રામભાઈ ભાલીયા સહિત ૯ જેટલાં ઈસમોએ એકસંપ કરી ગેરકાયદે મંડળી બનાવી લાકડીઓ, પ્લાસ્ટીકના પાઈપ અને કમરપટ્ટા જેવા હથિયારો વડે તથા ઢીકાપાટુથી પરશોતમ ઉર્ફે છનાભાઈ જેરામભાઈ ગોહીલને શરીરે આડેધડ જીવલેણ માર મારી ઈજા પહોચાડી મોત નિપજાવી દીધાની સાવરકુંડલા પોલીસમાં ફરિયાદ નોંધાય છે.


શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

સંકુલ ધો. ૧૧–૧૨ સાયંસ – ગર્લ્સ સ્કૂલ બપોર
સંકુલ ધો. ૧૧–૧૨ સાયંસ – મિશ્ર સ્કૂલ સવાર
સંકુલ ધો. ૧૧–૧૨ સાયંસ – ઈ.મી. સ્કૂલ સવાર
સંકુલ ધો. ૧૧–૧૨ આર્ટસ – ગર્લ્સ સ્કૂલ બપોર
સંકુલ ધો. ૧૧–૧૨ આર્ટસ – મિશ્ર સ્કૂલ સવાર



## એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

**અરજદાર :** શ્રી બાબુભાઈ મગનભાઈ દેસાઈ — અપીલ અરજી નં. ૧૧૭/૨૦૨૫
સરનામું : રહે. સુરત

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – તલાટી–કમ–મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ.સરંભડા, તા.જિ.અમરેલી.

–: જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સરંભડા ગામમાં અરજદારશ્રી **બાબુભાઈ મગનભાઈ દેસાઈ** તેઓના પુત્રી **ભાવનાબેન બાબુભાઈ દેસાઈની જન્મ (તા.૦૧/૦૬/૧૯૭૪)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. **૧૨–૦૬–૨૦૨૫** ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૬૨૫ | ૧૦૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૧૮૧ | ૧૧૮૧ |
| ૩ | કપાસ | ૧૨૦૧ | ૧૫૩૬ |
| ૪ | બાજરો | ૨૫૧ | ૩૭૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૦૦ |

# ચલાલા : ગાયત્રી સંસ્કાર વિધાયલમાં વિધારંભ સંસ્કાર દ્વારા નવા સત્રનો શુભારંભ



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા ધ્વારા સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનો નવા સત્રનો પ્રારંભ વિદ્યારંભ સંસ્કાર ધ્વારા કરવામાં આવ્યો હતો. ગણેશ પુજન સરસ્વતી પુજન સહિત નવા દાખલ થયેલ વિદ્યાર્થીઓને પુ.ડો. રતિદાદા ધ્વારા વિદ્યારંભ સંસ્કાર કરી પહેલો ઓમ લખાવી યજ્ઞ માં આહુતિ આપીને મંત્રોચ્ચાર નવું શૈક્ષણિક સત્ર શરૂ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભુષણ મહેશભાઈ મહેતા તથા ડાયરેકટર શીતલબેન મહેતા તથા આચાર્ય દિપકભાઈ વ્યાસ સહિત સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

### એક પૃથ્વી–એક સ્વાસ્થ્ય માટે યોગ

# અમરેલી જિલ્લામાં ૨૧ જુને વિશ્વ યોગ દિવસની ઉજવણી થશે

## વિધાસભા ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાશે

અમરેલીતા.૧૬

૨૧ જૂન આંતરાષ્ટ્રીય યોગ દિવસના ઉપલક્ષમાં અમરેલી જિલ્લામાં થનારા યોગ અભ્યાસ કાર્યક્રમોના સુચારૂ આયોજન માટે જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી.

આંતરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૫ની થીમ 'એક પૃથ્વી–એક સ્વાસ્થ્ય માટે યોગ' છે. આ બેઠકમાં જિલ્લાના અધિકારી ઓને દિશાનિર્દેશ આપતા જિલ્લા કલેકટર અજય દહિયાએ જણાવ્યુ હતુ કે, પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થશે.

ગ્રામ પંચાયતોનીચૂંટણી તેમજ બગસરા તાલુકાના ૮૭–વિસાવદર વિધાનસભા મતવિસ્તારમાંસમાવિષ્ઠ ગામોમાંયોગ દિવસની ઉજવણી દરમિયાન આદર્શ આચાર સંહિતાનું પાલન સાથે આ કાર્યક્રમ યોજવામાં આવશે. જિલ્લામાં નાગરિકો અને વિવિધ સરકારી કચેરીઓ, શૈક્ષણિકસંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને યોગ અભ્યાસુઓના સહિયારાપ્રયાસોથીઆ કાર્યક્રમસંપન્ન કરવા માટે તેમણે માર્ગદર્શન આપ્યુ હતુ.

બેઠકમાં માહિતી આપતા આંતરાષ્ટ્રીય યોગ દિવસ–૨૦૨૫ની ઉજવણીના જિલ્લા કક્ષાના નોડલ અધિકારી અને જિલ્લા યુવા વિકાસ અધિકારી વિક્રમસિંહ પરમારે જણાવ્યુ હતુ કે, આંતરાષ્ટ્રીય યોગ દિવસ–૨૦૨૫ની જિલ્લા કક્ષાએ ઉજવણી અમરેલી સ્થિત શાંતાબેન હરિભાઈ ગજેરા વિદ્યાસભા કેમ્પસ ખાતે થશે.જિલ્લામાં તાલુકા મથકો પર અને નગરપાલિકા કક્ષાએ સમાંતર કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમોમાં ગુજરાત રાજય યોગબોર્ડના માસ્ટર યોગ ટ્રેઈનરો દ્વારા યોગ અભ્યાસ કરાવવામાં આવશે. કાર્યક્રમના પ્રારંભે વડનગર ખાતેથી યોજનારા રાજય કક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ થશે.

જિલ્લાના વિવિધ સ્થળો પર થતી ઉજવણીમાં આઈકોનિક સ્થળ, પોલીસસ્ટેશન, આરોગ્યકેન્દ્રો, પ્રાથમિક થી ઉચ્ચત્તર માધ્યમિક શાળા અને મહાશાળાઓમાં યોગ દિનની ઉજવણી થશે. વરસાદની સ્થિતિ હોય તો વૈકલ્પિક વ્યવસ્થા થઈ શકે તેવું આયોજન હાથ ધરવામાંઆવશે. આ કાર્યક્રમ દરમિયાન મુખ્ય યોગ શિક્ષક માટે અલગ બેઠક વ્યવસ્થા રહેશે. દિવ્યાંગજનો પણ યોગ દિન ઉજવણી કાર્યક્રમમાં જોડાશે.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટએ સંબંધિત અધિકારીઓને, તેમણે કરવાની કામગીરી અંગે જરૂરી સૂચન કર્યા હતા. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક, જિલ્લા શિક્ષણાધિકારીઓ, પ્રાંત અધિકારીઓ, તાલુકા મામલતદારઓ, જિલ્લા રમતગમત અધિકારી, જિલ્લા યોગ કો–ઓર્ડિનેટર સહિતના સંબંધિત અધિકારીઓ–કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.બ

### ખેડુતો સહિત સૌ કોઈ ખુશીથી ઝુમી ઉઠયા

# દામનગર પંથકમાં ભારે વરસાદથી જળબંબાકારની ગંભીર સ્થિતિ

## અંદાજિત બે ઈંચ થયેલો વરસાદ



દામનગર, તા.૧૬

દામનગર – પંથકમાં વરસાદની શુભ શરૂઆત. દામનગર શહેર જળ બંબાકાર, વીજળીના ચમકારા અને કડાકા– ભડાકાથી વાતાવરણ બન્યું ડરામણુ... ગઈકાલે રાત્રે ધીમી ધારે શરૂ થયેલ વરસાદે આજે સવારથી અને બપોર બાદ મધ્યમ – વધુ તેજ પ્રમાણમાં સાંજ સુધીમાં અંદાજે બે ઈંચ જેટલો વરસતા દામનગર શહેરના મધ્યમાં આવેલ સરદાર સર્કલ વિસ્તાર મિનિટ તળાવ બન્યું હતું. જોકે અહીંયા પાણીનો યોગ્ય નિકાલ ન થવાને કારણે નાના – મોટા વાહનો અટકી ગયા હતા, અને ખાડાઓને હિસાબે રાહદારીઓ તો ગડથોલિયા ખાતા જોવા મળ્યાં હતા. નગરપાલિકા કચેરીના વાહનો પાર્કની જગ્યામાં અને દરવાજાની બહાર –માર્ગઉપર પાણીનો ભરાવો થતો હોય. જાણે કે દામનગર શહેરમાં માત્ર વિકાસ સિવાય કોઈ સમસ્યા છે જ નહીં....!! પાવર કાપ મુકાતા ઠંડક ને હિસાબે બજાર લગભગ સુમસામ ભાસતી હતી.

### યુવક કોંગ્રેસનાં અગ્રણીનો આક્ષેપ

# સાવરકુંડલા : ભાજપનાં રાજમાં ભૂમિપુજન અને લોકાર્પણ વિકાસનો પર્યાય

## વીજપડીથી ભમરના માર્ગનુ માત્ર ભૂમિપુજન થયુ

સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા તાલુકા યુવક કોંગ્રેસના પ્રમુખ નિર્મળ વાટલિયાએ કટાક્ષ કરતા જણાવ્યુ છે. આજે ભુમિપુજન અને ઉદ્‌ઘાટન વિકાસના પર્યાય બન્યા છે. કારણ કે વર્ષ ૨૦૨૨મા દોલતી ગામથી ભમર અને વિજપડી રેલ્વે સ્ટેશન સુધી ૨ કરોડની રકમના રસ્તા સહીત માઈનોર બ્રિજ ૭ મિટર અને ૮ સ્પાનના બ્રિજ મંજુર થયેલ. પરંતુ ૨૦૨૨ની ચુંટણીને ધ્યાને લઈ ભાજપના નેતાએ વિકાસના દેખાવો શરૂ કર્યા. જેમા ચુંટણીના છ મહિના પહેલા ભમર ગામે પુર્વ સાંસદ નારણભાઈ કાછડિયા દ્વારા ભુમિપુજન કરવામા આવેલ પરંતુ જેતે ધારાસભ્ય પણ બદલ્યા અને સાંસદ સભ્ય પણ બદલ્યા પરંતુ આજ દિન સુધી કાર્યના શ્રીગણેશ થયા નથી. આજે આ રસ્તો સંપુર્ણ રીતે જર્જરીત છે જેમા રસ્તાનુ મટીરીયલ્સ કપચી અને સરીયા બહાર છે. લોકોને અવરજવર માટે ખુબ જ તકલીફ પડી રહી છે. પરંતુ ભય ભ્રમ અને ભ્રષ્ટાચારથી શાસીત ભાજપના શાસનમાં ભુમિપુજન અને ઉદઘાટન જ વિકાસના પર્યાય બન્યા છે. ત્યારે ધારાસભ્ય તથા સંસદ સભ્યને આ બાબતે જડપી કાર્યશઢ થાય તથા જર્જરીત રસ્તાનુ સમારકામ કરવામા આવે અન્યથા ગ્રામજનોને સાથે રાખી આંદોલન કરવામા આવશે.

### સમગ્ર પંથકની જનતામાં ખુશીનો માહોલ

# લીલીયા મોટાનાં ભોરીંગડા, ક્રાંકચ, બવાડી વિસ્તારમાં ધોધમાર વરસાદ

## અમુક વિસ્તારમાં ૭ થી ૮ ઈંચ વરસાદ

લીલીયા, તા.૧૬



લીલીયા પંથકના ક્રાંકચ, બવાડી, બવાડા, ભોરીંગડા, કુતાણા, વિસ્તારમાં વહેલી સવારથી ધોધમાર વરસાદ શરૂ થયો હતો. બપોર સુધીમાં સ્થાનિક લોકો પાસે જાણવા મળતી માહિતી પ્રમાણે ૭ થી ૮ ઈંચ જેટલો ધોધમાર વરસાદ પડી ગયો હતો. ભોરીંગડા ગામમાં ક્રાંકચ અને ચારોડીયાના કેડામાં પાણી ફરી વળ્યા હતા. ગારિયાધાર થી લીલીયા તરફથી આવતી એસ.ટી. બસ નાલંદા સ્કૂલ નજીક આવેલ ડ્રાયવર્ઝનમાં ફસાતા ઉપરવાસમાંથી વરસાદી પાણી આવતા પાણીમાં એસ.ટી.બસ ગરકાવ થઈ હતી. એસ.ટી. કર્મચારીની સમય ચુકતાના કારણે પેસેન્જર બસ ડ્રાયવર્ઝનમાં ફસાતા સલામતી સાથે ઉતારી દેવામાં આવેલ તેમ સુત્ર પાસેથી જાણવા મળ્યું છે. તેમ મનોજ જોષીની યાદીમાં જણાવેલ છે.


### સવારથી સતત વરસાદથી સૌ કોઈ ખુશીથી ઝુમી ઉઠયુ

# સાવરકુંડલા પંથકમાં ધોધમાર વરસાદથી ખેડૂતો ખુશ અને નદીઓ ગાંડી તૂર બની : ઠંડક પ્રસરી

## જનતા જનાર્દને છત્રી અને રેઈનકોટનો ઉપયોગ શરૂ કર્યો







સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આજે મેઘરાજાનું દબદબાભેર વિધિવત આગમન થતાં ગરમી અને બફારાથી ત્રસ્ત લોકોને મોટી રાહત મળી છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં પડેલા સારા વરસાદે ખેડૂતોના ચહેરા પર એક અનોખી ખુશીની લહેર લાવી દીધી છે.

વરસાદના કારણે સાવરકુંડલા શહેરમાં તાત્કાલિક હનુમાનજી આશ્રમ પાસે આવેલો ચેકડેમ પાંચમી વખત ઓવરફ્લો થયો છે. અગાઉ કમોસમી વરસાદ દરમિયાન ચાર વખત આ ચેકડેમ છલકાયો હતો અને આજના વરસાદથી તે ફરીવાર ઓવરફ્લો થયો છે. સાવરકુંડલા તાલુકાના ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાના કારણે સીમ વિસ્તારો અને આજુબાજુના ગ્રામીણ માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. જાણે વોંકળા વહેતા હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. સારા વરસાદથી ધરતી ભીંજાઈ ગઈ હતી અને વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. ઉલ્લેખનીય છે કે, સાવરકુંડલા તાલુકામાં અગાઉ માવઠા દરમિયાન આઠ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો, જેના કારણે કેટલાક ખેડૂતોએ વાવણી પણ કરી દીધી હતી. આજના વરસાદને કારણે તે વાણીને માટે આ વરસાદ અમીરૂપમાં 'આશીર્વાદરૂપ' સમાન ગણાયો. ધરતીપુત્રો માટે આ વરસાદ કૃષિ કાર્યો માટે અત્યંત ફાયદાકારક સાબિત થશે સમગ્ર વિસ્તારમાં વરસાદની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી હતી, ત્યારે મેઘરાજાની દબદબાભેર આગમનથી લોકો અને ખાસ કરીને ખેડૂતોમાં આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને સીમના શેઢ તંબુ નાખીને નિવાસ કરતાં ખાનાબદોશ પણ આ વરસાદને કારણે સ્થળાંતર કરતાં જોવા મળેલ.

# સાવરકુંડલા : રેડ ક્રોસ સોસાયટી દ્વારા ૬૨૪મુ ચક્ષુદાન લેવાયુ



સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા શહેર તેમજ આસપાસના વિસ્તારોમાં વરસાદ થતાં મૂળ જાબાળ ગામે રહેતા અને ખોરાળીના કેડે પોતાની વાડી ધરાવતા લાલજીભાઈ બરવાળીયા પોતાના પુત્ર સાથે એક્કો બળદગાડુ લઈને ખેતીકામ માટે ગયા હતા. સાંજે ઘેર પરત ફરી રહ્યા હતાં. ત્યારે ખોરાળીના વોંકળમાંથી બળદ ગાડા સાથે પસાર થઈ રહ્યા હતા. ત્યારે વોકળામાં એકાએક પાણીનો પ્રવાહ વધતાં પિતા પુત્ર ગાડા સહિત તણાયા જેમાં લાલજીભાઈ બરવાળીયા તેમજ બળદ મૃત્યુ પામ્યા હતા. પરિવાર ધ્વારા મૃતકના ચક્ષુદાન માટે નિર્ણય કરવામાં આવતાં મેહુલભાઈ વ્યાસ અને તેની ટીમ ધ્વારા ચક્ષુદાન સ્વીકારવામાં આવેલ. આમ મેહુલભાઈ વ્યાસ ધ્વારા આ તેમની સેવાકીય પ્રવૃત્તિઓમાં ૬૨૪મુ ચક્ષુદાન સ્વીકાર કરાયું ચક્ષુદાન સ્વીકારતીયવેળા સદગતના આત્માને શાંતિ આપે એવી પ્રભુ પ્રાર્થના પણ કરી હતી.

# સાવરકુંડલાના ફીફાદ નજીક નદીમાં પૂર આવતાં સ્કુલ બસ ફસાઈ



અમરેલી, તા. ૧૬

સાવરકુંડલા તાલુકાના ફીફાદ ગામ નજીક આવેલ મેરામણ નદીમાં પૂર આવતાં એક સ્કૂલ બસ પાણીમાં ફસાઈ જતાં તેમાં રહેલા ૬ લોકોને પોલીસ, ફાયર તેમજ સ્થાનિક લોકોની મદદથી સલામત રીતે રેસ્કયુઈ બહાર કાઢવામાં આવ્યા હતા.

આ બનાવમાં જિલ્લા પોલીસ વડા દ્વારા જણાવાયું હતું કે, આજે જિલ્લાભરમાં ભારે વરસાદ હોવાથી પોલીસ પણ લોકોને મુશ્કેલીમાં સમયસર મદદ મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ હોય ત્યારે સાવરકુંડલા તાલુકાના ફીફાદ ગામ નજીક આવેલ મેરામણ નદીમાં પૂર આવતાં ગારિયાધાર તરફથી ફીફાદ તરફ આવતી બસ પાણીમાં ફસાઈ જતાં તેમાં રહેલા ૬ જેટલા લોકોને પોલીસ, ફાયર તેમજ સ્થાનિક લોકોની મદદથી સલામત રીતે રેસ્કયુઈ બહાર કાઢવામાં આવ્યા હતા.

# અમરેલી : નરેન્દ્ર મોદી વિચાર મંચનાં સંગઠન અને શહેર મંત્રીની નિમણુંક



અમરેલી, તા. ૧૬

અમરેલી નરેન્દ્ર મોદી વિચાર મંચ (આઈ ટી) સેલ અમરેલી શહેરની નવી નિમણુક આપવામાં આવેલ હતી. જેમાં નરેન્દ્ર મોદી વિચાર મંચ (આઈ ટી) સેલના પ્રદેશમંત્રી રાજદીપભાઈ ધાધલ, જિલ્લા અધ્યક્ષ વિપુલભાઈ દવે, શહેર અધ્યક્ષ કૌશલભાઈ ત્રિવેદીના માર્ગદર્શન મુજબ શહેરની ટીમમાં શહેર સંગઠન મંત્રી હર્ષભાઈ ગેડીયાની નિમણુક કરેલ છે અને શહેર મંત્રી શ્વેતભાઈ મહેતાની નિમણુક કરેલ છે. નરેન્દ્ર મોદી વિચાર મંચ (આઈ ટી) સેલના દરેક હોદ્દેદારોએ પ્રધાનમંત્રીની દરેક યોજનાઓના જન–જન અને છેવાડા સુધી પહોંચાડતી તે બાબતોની ચર્ચા કરવામાં આવી હતી અને અમદાવાદની બનેલ વિમાન ક્રેશ થયેલ ગુજરાતના ભુતપૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને તમામ મૃતક લોકોને ભાવભરી શ્રધ્ધાજંલિ આપેલ હતી.

### સ્થાનિકોની માંગ સંતોષાઈ

# અમરેલીનાં વોર્ડ નં.૧૧ ખાતે પેવર બ્લોકની કામગીરી પૂર્ણ

## પાલિકા પ્રમુખ લીંબાણીનુ થયુ સન્માન



અમરેલી, તા. ૧૬

અમરેલી શહેરના વોર્ડ નં. ૧૧ ખાતે ધાનાણી પરિવારના વેલજીબાપાની સમાધી સ્થળે નગરપાલિકા દ્વારા પેવર બ્લોકની કામગીરી પૂર્ણ કરવામાં આવતા આનંદની લાગણી સાથે સન્માન કાર્યક્રમ યોજાયો હતો. અમરેલી નગરપાલિકાના વોર્ડ નં. ૧૧માં ધાનાણીની વાડી નજીક આવેલ ધાનાણી પરિવારના વેલજીબાપા સમાધી સ્થળે અમરેલી નગરપાલિકા દ્વારા પેવર બ્લોક ફિટિંગની કામગીરી કરવામાં આવી હતી. જે કામગીરી પૂર્ણ થતાં આ વિસ્તારના રહીશો તેમજ ધાનાણી પરિવાર દ્વારા નગરપાલિકા પ્રમુખ બિપિનભાઈ લીંબાણી, નગરસેવક દિલાભાઈ વાળા, સંગીતાબેન ચાવડા, નગરસેવક પ્રતિનિધિ હરેરશભાઈ ચાવડા સહિતના આગેવાનોનું સન્માન ધાનાણી પરિવારના અગ્રણી રમેશભાઈ ધાનાણી, ચંદુભાઈ ધાનાણી, અશોકભાઈ ધાનાણી, હંસાબેન ધાનાણી તેમજ આસપાસના રહીશો દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધાનાણી પરિવાર તેમજ આ વિસ્તારના રહીશો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.




# ડીએનએ મેચ થયા બાદ વહીવટીતંત્રએ પરિવારજનોને મૃતદેહ સોંપતા

# વડિયા ખાતે વિમાન દુર્ઘટનાનાં મૃતક યુવકની અંતિમયાત્રા યોજાઈ

**પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઉંઘાડ, નાયબ દંડક કૌશિક વેકરિયા સહિતનાં આગેવાનો જોડાયા**

**અધિકારીઓ, ગ્રામજનો સહિત સૌ કોઈએ અશ્રુભીની આંખે અંતિમ વિદાય આપી**

**ગ્રામ પંચાયતનાં અનુરોધથી સમગ્ર ગામની દુકાનો બંધ રહી**

**મૃતક યુવકનાં પરિવારજનોને સાધુ, સંતો, આગેવાનો અને ગામજનોએ સાંત્વના પાઠવી**



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૧૬

અમદાવાદમાં પ્લેન ક્રેશની દુર્ઘટનાએ સમગ્ર દેશમાટે આઘાતજનક બનીછે.ત્યારેઆદુર્ઘટનામાંમૃત્યુપામેલા લોકોના મૃતદેહ ડીએનએ સેમ્પલથી મેચ કરી વહીવટી તંત્રની મદદ લઈ તેમના પરિવારજનોને સોંપાવામાં આવી રહ્યા છે. વડિયાના વતની એવા અર્જુનભાઈ પટોડિયાનો મૃતદેહ તેમના વતન વડિયા ખાતે વહીવટી તંત્ર દ્વારા લાવી તેમના પરિવારને સોંપવામા આવ્યો હતો. આ સમયે તેમના પરિવારની દુ:ખની આ ઘડીમાં વિવિધ સ્વામિનારાયણ મંદિરના સંતો, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

### દાહોદ જિલ્લાના વતની અને હાલમાં

## ધારીનાં બોરડી ગામે ખેતીકામ કરતા યુવકનું વીજળી પડવાથી મોત

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૧૬, મુળ દાહોદ પંથકના વતની અને હાલ ધારી તાલુકાના બોરડી ગામે દેવશીભાઈ સુખાભાઈ બલદાણીયાની વાડીએ રહેતા કમલેશભાઈ ચેતનભાઈ લાસણ નામના ઉરવર્ષીયયુવક ગત તા. ૧૪ ના રોજ સાંજે ૪:૩૦ વાગ્યે બોરડી ગામની સીમમા વાડી ખેતરમાં કામકાજ કરતા હોય અને વરસાદ ચાલુ હોય તે દરમ્યાન અચાનક ખેતરમાં વરસાદી વિજળીનો શેરડો પડતા અને યુવકને વરસાદી વિજળીનો કરંટ લાગતા તેમનું મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### સાવરકુંડલાના મઢડા ગામની ઘટના

## આડા સંબંધની આશંકા અને મન દુઃખથી શ્રમિકની ૯ ઈસમોએ કરી હત્યા

**સ્થાનિક પોલીસે હત્યાનો ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા.૧૬

સાવરકુંડલા તાલુકાના મઢડા ગામે રહેતા અને ખેતીકામ કરતાં પરશોતમ ઉર્ફે છનાભાઈ જેરામભાઈ ગોહીલને મઢડા ગામે રહેતા આરોપી જીવાભાઈ રામભાઈ ભાલીયાના દિકરા વિનુભાઈની વિધવા પત્નિ રંજન સાથે

અનુસંધાન પાના ૬ ઉપર

### લગ્ન કરી લેશે તેવી લાલચ આપીને

## અમરેલીમાં રહેતી એક યુવતી સાથે તેના મંગેતરે અવાર–નવાર દુષ્કર્મ કર્યુ

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા.૧૬

અમરેલીમાં રહેતી એક યુવતીની સગાઈ કાલાવડ ગામે રહેતા આરોપી સાથે તા.૧૯/૯/૨૪ના થયેલ હોય અને આરોપીએ યુવતિ સાથે લગ્ન કરી લેશે તેવી લાલચ તેમજ સગાઈ તોડી નાખવાની ધમકી આપી આરોપીએ યુવતિ સાથે ગત તા.૧૭/૨ ના રોજ તેણીના ઘરે ઉપરના બીજા માળે આવેલ રૂમમાં તથા ગત તા.૨૬/૨ના રાજકોટ મુકામે જામનગર રોડ, સંસ્કારધામ સ્કુલની પાછળ આવેલ હોટેલમાં અવાર – નવાર યુવતિની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધ્યાની યુવતીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.







૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
89,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૬/૦૬/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬




*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)